RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧૧ શુક્રવાર, તા.૧૯-૦૪-૨૦૨૪ અંક : ૨૨૧ વર્ષ : ૨૧ e-mail : sauaajtak@gmail.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

રાહતની આગાહી : મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઘટી શકે છે

ગુરૂવારે અગનભઠ્ઠીમાં ફેરવાયું ગુજરાત : તમામ જિલ્લામાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું

શુક્રવારથી ગરમી-ભેજના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં અકળામણનો અહેસાસ થશે

અમદાવાદ,

ગુજરાતવાસીઓ છેલ્લા ત્રણ દિવસથી ગરમીમાં શેકાઈ રહ્યા છે ત્યારે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. હવામાન વિભાગની આગામી દિવસો માટેની આગાહી અનુસાર, આગામી ૨૪ કલાક બાદ રાજયભરનું મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સુધી ઘટી શકે છે. હાલમાં ગુજરાત પર આવતા પવનોની દિશા ઉત્તર દિશા



તરફની હતી, જે હવે બદલાઈને ઉત્તર-પશ્ચિમી અને ઉત્તર દિશા તરફની થઈ છે. એને કારણે તાપમાનમાં આંશિક ઘટાડો થઈ શકે છે.

રાહતના આ સમાચાર પૂર્વે છેલ્લા બે દિવસથી ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ગુરૂવારે પણ રાજયના મોટાભાગના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. જો કે હવે રાહતના સમાચાર આપતા હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારમાં હીટવેવની શક્યતા છે. પરંતુ સિવિયર હિટવેવ નહિં હોય દાસે વધુમાં જણાવ્યું હતું કે આગામી ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગરમી અને ભેજના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં અકળામણનો અહેસાસ થશે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અરબ સાગર પરથી વાદળો ગુજરાત તરફ ખેંચાઈ આવે છે અને પવનની દિશા પણ ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર દિશા તરફની હોવાથી અમદાવાદ શહેરમાં સવારથી જ આકાશમાં ક્યાંક વાદળો દેખાઈ રહ્યાં છે, પરંતુ વાતાવરણનો ઉપરી સ્તર પર વાદળો બંધાવાને કારણે વરસાદી વાદળ હોતાં નથી.

પાટીલ મુહૂર્ત ચૂક્યા, આજે ફોર્મ ભરશે

નવસારી,

રામનવમીની રજા બાદ ગુરુવારે અમરેલીથી ભાજપના ઉમેદવાર ભરત સુતરિયાએ ફોર્મ ભર્યું હતું તેમજ કોંગ્રેસમાં પાટણના ચંદનજી, ખેડા લોકસભા બેઠકના કાળુસિંહ ડાભી અને વડોદરા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર જસપાલસિંહ પઢિયારે ફોર્મ ભર્યું હતું .સી આર પાટીલ આજે ફોર્મ ભરવાના હતા, પણ વિજયમુહૂર્તત ચૂકી ગયા હતા, જેથી હવે કાલે ફોર્મ ભરશે.

નવસારીમાં સી આર પાટીલની રેલી યોજાઈ હતી, જેમાં મહિલાઓ ગરબે ઘૂમી હતી તેમજ ગીતા રબારીએ ગીત લલકાર્યા હતા. નવસારી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર સીઆર પાટીલે ઝસ ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી સહિતના સમર્થકો સાથે મોટી સંખ્યામાં બાઇક રેલી યોજી હતી. નવસારીમાં આવેલા મધ્યસ્થ કાર્યાલયથી રેલીની શરૂઆત થઈ હતી. ફૂલોથી શણગારેલી ગાડીમાં પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતનાઓએ રેલી યોજી હતી. રેલીમાં હજારો લોકો ઊમટી પડ્યા હતા. મહિલાઓએ રેલીમાં ગરબે રમતી નજરે પડી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કર્યા પ્રચારના શ્રીગણેશ

ગાંધીનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતામંત્રી અમિત શાહ ૧૯ એપ્રિલના રોજ ઉમેદવારી ફોર્મ ભરવા જવાના છે. એ પહેલાં આજે ૧૮ એપ્રિલના રોજ ગાંધીનગર લોકસભા હેઠળ આવતા સાણંદ છસ્ઝ સર્કલ ખાતેથી મેગારેલી યોજી ચૂંટણીપ્રચારના શ્રીગણેશ કર્યા હતા, જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઊમટી પડ્યા હતા. અમિત શાહ રેલી શરૂ થવાની હતી એ સ્થળે પહોંચતાં જ કાર્યકરો ઉત્સાહમાં આવી ગયા હતા અને તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં ફૂલોથી શણગારેલી ટ્રકમાં અમિત શાહ સવાર થઈ રેલીની શરૂઆત કરાવી હતી. આકરી ગરમીમાં પણ માનવમેદની ઊમટી પડી હતી. રેલીના રૂટ પર કેસરિયો માહોલ જોવા મળ્યો હતો. અમિત શાહે રેલીમાં ઊમટી પડેલા લોકોનું અભિવાદન ઝીલ્યું હતું.

ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીને ઝટકો

અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડ્યો

અમદાવાદ,

લોકસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે આમ આદમી પાર્ટીને ગુજરાતમાં મોટો ઝટકો લાગ્યો છે, કારણ કે સુરતમાં અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડ્યો છે. બન્નેએ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીને પોતાનાં રાજીનામાં મોકલ્યાં છે.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ આમ આદમી પાર્ટીએ સ્ટારપ્રચારકની યાદી જાહેર કરી હતી, જેમાં અલ્પેશ કથીરિયાનું નામ હતું, જોકે આજે રાજીનામું આપી દેતાં આમ આદમી પાર્ટીમાં ખળભળાટ મચી ગયો છે.

અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ ઈસુદાન ગઢવીને રાજીમામાં મોકલ્યાં છે, જેમાં લખ્યું છે કે આમ આદમી પાર્ટીની તમામ જવાબદારીમાંથી મુક્ત થઈએ છીએ. પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી પણ તાત્કાલિક અસરથી રાજીનામું આપીએ છીએ. રાજીનામું સ્વીકારવા વિનંતી.

પાટીદાર અનામત સંઘર્ષ સમિતિમાં હાર્દિક પટેલ સાથે સૌથી મોટા ચહેરા તરીકે અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયા હતા. હાર્દિકના ગયા બાદ પાટીદાર આંદોલનને તેઓ સંભાળી રહ્યા હતા. ત્યાર બાદ તેમણે આમ આદમી પાર્ટી જોઈન્ટ કરીને બંને ઉમેદવાર તરીકે વિધાનસભાની ચૂંટણી પણ લડ્યા હતા, પરંતુ એકાએક જ તેમણે રાજીનામાં આપી દેતાં અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

કરિયાણાની દુકાન પર પણ મળશે શરદી - તાવની દવાઓ

નવી કેન્દ્ર સરકારમાં નિર્ણય લેવાની તૈયારી

નવીદિલ્હી,

શરદી, ઉધરસ અને તાવ માટે વપરાતી દવાઓ કરિયાણાની દુકાનો પર પણ વેચાણ માટે ઉપલબ્ધ કરાવવાની તૈયારીઓ ચાલી રહી છે. કેન્દ્ર સરકાર OTC એટલે કે ઓવર ધ કાઉન્ટર દવાઓ માટે પોલિસી લાવવાની તૈયારી કરી રહી છે. આ માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી જે તેના પર વિચાર કરી રહી છે.

OTC એટલે કે ઓવર ધ કાઉન્ટર એટલે એવી દવાઓ કે જે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના વેચી શકાય. આ નીતિ અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પહેલેથી જ અમલમાં છે. હવે તેને ભારતમાં લાગુ કરવાની તૈયારી ચાલી રહી છે. આ સમિતિ આ દિશામાં કામ કરી રહી છે. આ કમિટીએ અત્યાર સુધીમાં આ સંદર્ભમાં ઘણા સૂચનો મેળવ્યા છે. જો કે હજુ સુધી સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી.

રિપોર્ટ અનુસાર, સરકાર ગ્રામીણ વિસ્તારોને ધ્યાનમાં રાખીને આ પોલિસી લાવવાની તૈયારી કરી રહી છે. વાસ્તવમાં ગ્રામીણ વિસ્તારોમાં ડોક્ટરોની અછત છે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં મેડિકલ સ્ટોર પણ ઓછા છે. આવી સ્થિતિમાં ઘણી વખત લોકોને જરૂરી દવાઓ પણ નથી મળી શકતી. ઘણા કિસ્સાઓમાં, સમયસર જરૂરી દવાઓ ન મળવાને કારણે દર્દીઓની સ્થિતિ વધુ ગંભીર બની જાય છે. આ કારણોસર, સમિતિ દ્વારા ઓટીસી અંગેના સૂચનો આપવામાં આવ્યા છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં, આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક અતુલ ગોયલ દ્વારા નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિને ભારતની ઝ્ર દવા નીતિ ઘડવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સૂત્રોનું કહેવું છે કે સમિતિ દ્વારા ડ્રાફ્ટ પણ રજૂ કરવામાં આવ્યો છે. કાઉન્ટર પર વેચી શકાય તેવી દવાઓની યાદી પણ આપવામાં આવી છે. ભારતમાં હજુ સુધી એવો કોઈ નિયમ નથી. જો દવાને માત્ર પ્રિસ્ક્રિપ્શન તરીકે ન કહેવામાં આવે, તો તેને OTC ગણવામાં આવે છે, જો કે આ અંગે કોઈ નિશ્ચિત નિયમ નથી. સરકાર આને નિયમોના દાયરામાં લાવીને આવશ્યક દવાઓની સુલભતા વધારવાનો પ્રયાસ કરી રહી છે.

પં.બંગાળમાં રામ નવમી પર બે જગ્યાએ હિંસા, ૧૮ લોકો ઘાયલ

મુર્શિદાબાદમાં શોભાયાત્રા દરમિયાન વિસ્ફોટ, મેદિનીપુરમાં આગચંપી

કોલકોત્તા,

રામ નવમી નિમિત્તે પશ્ચિમ બંગાળમાં બે સ્થળોએ હિંસા થઈ હતી. મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગા શહેરમાં મસ્જિદ પાસે શોભાયાત્રા કાઢવામાં આવ્યા બાદ બે સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી. આ દરમિયાન બોમ્બ વિસ્ફોટની પણ માહિતી મળી હતી.મેદિનીપુરના ઈગ્રામાં પણ બે સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી અને આગચંપી કરવામાં આવી હતી. હિંસામાં અત્યાર સુધીમાં ૧૮ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જેમાં બે સગીર, એક મહિલા અને કેટલાક પોલીસ

કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. મુર્શિદાબાદના રેજીનગરમાં હિન્દુ શ્રદ્ધાળુઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં હિન્દુઓ લઘુમતી છે. રેજીનગરમાં લોકો છત પરથી પથ્થરમારો કરતા હોવાનો એક વીડિયો પણ સામે આવ્યો છે.

જમ્મુ કાશ્મીરમાં મજૂરની ગોળી મારીને આતંકવાદીઓએ કરી હત્યા

આતંકીઓએ બે મજૂરને નિશાન બનાવ્યા

જમ્મુ,

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓએ બિહારના એક મજૂરની ગોળી મારીને હત્યા કરી નાખી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, દક્ષિણ કાશ્મીરના અનંતનાગના જબલીપોરા ગામ બિજબેહેરામાં આતંકવાદીઓએ બે બિન-સ્થાનિક મજૂર પર ગોળીબાર કર્યો હતો. બાદમાં હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું.

ઈજાગ્રસ્ત હાલતમાં મજૂરને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ ત્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્તની ઓળખ બિહારના રહેવાસી શંકર શાહના પુત્ર રાજા શાહ તરીકે થઈ છે. જો કે, હજુ સુધી આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, મજૂરને ખૂબ નજીકથી ગોળી વાગી હતી અને ગરદન અને પેટમાં બે ગોળી વાગી હતી. જ્યારે સેનાએ તે વિસ્તારને ઘેરી લીધો હતો જ્યાં આતંકી હુમલો થયો હતો.

હૈદરાબાદમાં, ૫.૪૧ લાખથી વધુ મતદારોના નામ સૂચિમાંથી દૂર

ઓવૈસી અને માધવી લતા વચ્ચે છે મુકાબલો : માધવી લતાનો દાવો - છ લાખથી વધુ નકલી મતદારો

હૈદરાબાદ,

ચૂંટણી પંચે હૈદરાબાદ જિલ્લાની મતદાર યાદીમાંથી ૫.૪૧ લાખ મતદારોના નામ હટાવી દીધા છે. જિલ્લામાં ૧૫ વિધાનસભા બેઠકો આવેલી છે. યાદીમાંથી મતદારોના નામ હટાવવાના કારણોમાં તેમનું મૃત્યુ, રહેઠાણમાં ફેરફાર અને નામની બે વાર નોંધણી છે. અહી મુખ્ય સ્પર્ધા ભાજપના અસદુદ્દીન ઓવૈસી અને માધવી લતા વચ્ચે માનવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૯માં ઓવૈસીએ ભાજપના ઉમેદવારને ૨ લાખ ૮૨ હજાર ૧૮૬ મતોથી હરાવ્યા હતા. અહી બીજેપી બીજા સ્થાને હતી. વર્ષ ૨૦૧૪માં ઓવૈસી ૨૮૨૧૮૬ મતોથી જીત્યા હતા.

જાન્યુઆરી ૨૦૨૩ થી હૈદરાબાદ જિલ્લાની ૧૫ વિધાનસભા મતવિસ્તારોમાં કુલ ૪૭,૧૪૧ મૃત મતદારો, ૪,૩૯,૮૦૧ "સ્થાનાતરિત મતદારો" અને ડુપ્લિકેટ મતદારોના ૫૪,૨૫૯ નામો યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

રૂઆંગમાં અનેક જ્વાળામુખી થયા સક્રિય, સુનામીનું એલર્ટ

રૂઆંગ,

ઘણા દેશોમાં જ્વામુખી ફાટવાની ઘટનાઓ બની રહી છે ત્યારે ઈન્ડોનેશિયામાં ફરી એકવાર જ્વાળામુખી ફાટી રહ્યા છે. વિગતો પ્રમાણે રુઆંગમાં જ્વાળામુખી સક્રિય દેખાયો છે, જેના કારણે વહીવટીતંત્ર ચિંતિત છે. આ દરમિયાન લોકોના જીવ જોખમમાં છે.છેલ્લા ૨૪ કલાકમાં અહીં જ્વાળામુખીમાં પાંચ વિસ્ફોટ થયા છે. આવી સ્થિતિમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને લોકોને વિસ્તાર છોડી દેવાની સૂચના આપવામાં આવી છે. એટલું જ નહીં બુધવારે અહીં સુનામીનું એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે.

જ્વાળામુખી સક્રીય થતાની સાથે અનેક ગતિવિધિયોને લઈને તંત્ર દ્વારા અનેક પગલાઓ લેવામાં આવી રહ્યાં છે. આ ક્રમમાં ઈન્ડોનેશિયાના ઉત્તરી સુલાવેસી પ્રાંતના રુઆંગ જ્વાળામુખીમાં વિસ્ફોટ બાદ ઓછામાં ઓછા ૮૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. જ્વાળામુખીના કારણે છેલ્લા ઘણા દિવસોથી આકાશમાં લાવા અને રાખના વાદળો છે.

દુબઈમાં ભારે વરસાદને પગલે ભારત અને યુએઈ વચ્ચે ૩૦થી વધુ ફ્લાઈટ્સ રદ

નવીદિલ્હી,તા.૧૮

યુએઈમાં ભારે વરસાદને કારણે બે દિવસ ભારત અને દુબઈ વચ્ચે ચાલતી ૩૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. તેમાં એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ, ઈન્ડિગો, અમીરાત(એમિરેટ્સ) અને સ્પાઈસ જેટ એરલાઈન્સની ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. ગલ્ફ દેશોમાં ભારે વરસાદને કારણે જન જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું કે એરલાઈન આગામી થોડા દિવસોમાં અસરગ્રસ્ત મુસાફરોને અન્ય ફ્લાઈટ્સમાં સમાવી લેવા અને શક્ય તેટલી વહેલી તકે તેમના ગંતવ્ય સ્થાને પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. ઉપરાંત, એરલાઈન ૧૯ અને ૨૦ એપ્રિલ માટે માન્ય ટિકિટ ધરાવનારા મુસાફરોને વન-ટાઈમ ચેન્જ ડેટ ફ્લેક્સિબિલિટી પ્રદાન કરી રહી છે.

રશિયાના યુક્રેન પર મિસાઈલ હુમલાથી ૧૭ના મોત

યુદ્ધે ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો, રશિયા યુક્રેનમાં હજુ પણ ઘાતક હુમલા કરી રહ્યું છે

યુક્રેન,

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને બે વર્ષથી વધુ સમય વીતી ગયો છે. રશિયા યુક્રેન પર સતત હુમલા કરી રહ્યું છે. આ દરમિયાન રશિયાના તાજેતરના હુમલામાં ૧૭ લોકોના મોત થયા છે. રશિયા તરફથી છોડવામાં આવેલી મિસાઈલ ઉત્તરી યુક્રેનના ચેર્નિહિવમાં આઠ માળની ઈમારત પર પડી હતી, જેમાં ૧૭ લોકોના મોત થયા હતા.

યુક્રેનની ઈમરજન્સી સર્વિસે જણાવ્યું કે હુમલામાં ત્રણ બાળકો સહિત ઓછામાં ઓછા ૬૧ લોકો ઘાયલ થયા છે. ચેર્નિહિવ યુક્રેનની રાજધાની કિવથી લગભગ ૧૫૦ કિલોમીટર ઉત્તરમાં રશિયા અને બેલારુસની સરહદ નજીક સ્થિત છે અને તેની વસ્તી લગભગ ૨.૫ મિલિયન છે. યુદ્ધે તેના ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે રશિયા યુક્રેનમાં હજુ પણ ઘાતક હુમલા કરી રહ્યું છે. પશ્ચિમી દેશોએ યુક્રેનને વધારાના સૈન્ય સાધનો ન આપવાને કારણે રશિયા સામેના યુદ્ધમાં તેની સ્થિતિ નબળી પડી રહી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ પશ્ચિમી દેશોને તેમના દેશને વધુ એર ડિફેન્સ સિસ્ટમ પ્રદાન કરવા વિનંતી કરી છે.

તેમણે ચેર્નિહિવ હુમલા વિશે કહ્યું હતું કે "જો યુક્રેનને પર્યાપ્ત હવાઈ સંરક્ષણ સાધનો મળ્યા હોત અને વિશ્વ રશિયન આતંકવાદનો સામનો કરવા માટે સંકલ્પબદ્ધ હોત, તો આવું ન થયું હોત.

યુપી-એમપી સહિતના રાજ્યોમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર

નવીદિલ્હી,તા.૧૮

દેશના ઘણા ભાગોમાં તાપમાનમાં ઝડપી વૃદ્ધિ સાથે કાળઝાળ ગરમીનું મોજું ફરી વળ્યું છે. રાજધાની દિલ્હીમાં મંગળવારે મહત્તમ તાપમાન ૩૫.૮ ડિગ્રી સેલ્સિયસ હતું જ્યારે ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઓડિશા, ઝારખંડ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને પ.બંગાળમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ચૂક્યો છે.ઓડિશા સરકારે શનિવાર સુધી અંગ દઝાડતી ગરમી પડવાની હવામાન ખાતાની આગાહીને ધ્યાનમાં રાખીને આજથી ત્રણ દિવસ સુધી (૧૮થી ૨૦ એપ્રિલ) રાજ્યની તમામ સ્કૂલો બંધ રહેવાની બુધવારે જાહેરાત કરી. રાજ્યના શિક્ષણ વિભાગે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ભીષણ ગરમી અને દિવસના તાપમાનમાં વધારાને ધ્યાનમાં રાખીને સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિત તમામ સ્કૂલો ત્રણ દિવસ બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

સૌરાષ્ટ્ર આજતક

શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા સાવરકુંડલામાં રામનવમી શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરાયું

સાવરકુંડલા:સાવરકુંડલા ખાતે શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા આયોજિત ભવ્ય શોભાયાત્રા આજે શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. રામનવમીના પવિત્ર પ્રસંગે યોજાયેલી આ શોભાયાત્રામાં ભગવાન શ્રી રામની ઝાંખીઓ દર્શાવતી અનેક ટુકડીઓએ ભાગ લીધો હતો. શોભાયાત્રામાં ભગવાન શ્રી રામના રજવાડી રથ, ટ્રેક્ટર, ફૂલોથી સજ્જ ગાડીઓ, ડીજે, , ઘોડા અને ભજન મંડળોનો સમાવેશ થતો હતો. ભક્તોએ ભગવાન શ્રી રામના નામના જયકારા સાવરકુંડલા નગર ગુંજી ઉઠ્યો હતો આ શોભાયાત્રાનો પ્રારંભ શહેરના પ્રખ્યાત સનાતન આશ્રમ ખાતેથી થયો હતો અને શહેરના મુખ્ય માર્ગો પર ફરીને પુનઃ રામજી મંદિરે પરત ફરી હતી. સમગ્ર શહેરમાં ભક્તિભર્યો માહોલ છવાઈ ગયો હતો.આ પરંપરાગત શોભાયાત્રા છેલ્લા ૪૧ વર્ષથી દર વર્ષે ભવ્ય રીતે યોજાઈ રહી છે. આ વર્ષે પણ સમગ્ર અમરેલી જિલ્લામાં ૨૨ જેટલી શોભાયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલાના નગરજનો દ્વારા ભગવાન શ્રી રામ પર પ્રાર્થના કરવામાં આવી હતી કે તેઓ સૌ પર કૃપા કરે અને તેમના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સંયમ અને વિવેક આપે. તેમ શ્રી રામ જન્મોત્સવ સમિતિ, સાવરકુંડલા એક યાદીમાં જણાવે છે

વીરબાઈમાં ટિફિન સેવા કેન્દ્ર ખાતે વિનામૂલ્યે આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા:

સાવરકુંડલા જલારામ મંદિર પાસે આવેલ વીરબાઈ માં ટિફિન સેવા કેન્દ્ર ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામક આયુષની કચેરી ગાંધીનગર પ્રેરીત અને નાયબ નિયામક રાજકોટ તથા જિલ્લા આયુર્વેદ અધિકારી અમરેલીના માર્ગદર્શન હેઠળ વિનામુલ્યે આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પ યોજાશે જેમાં ડો. દેવેન્દ્ર ચૌહાણ મેડીકલ ઓફીસર અને ડો. કે.બી.ગોંડલીયા મેડીકલ ઓફીસર સેવા આપશે આ આયુર્વેદ નિદાન કેમ્પમાં તમામ રોગો જેવા કે ચામડીના રોગો, શ્વાસ, સંધિવાત, પેટના રોગો, વૃધ્ધાવસ્થાજન્ય રોગો, સ્ત્રી રોગો, પેશાબના રોગો, બાળરોગો, ડાયાબીટીસ વગેરેનું આયુર્વેદ પધ્ધતિથી નિદાન કરી, વિનામુલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ટી.વી., રેડિયો, કેબલ ટી.વી નેટવર્ક તથા ખાનગી એફ.એમ.ચેનલોમાં ચૂંટણી અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવા બાબતે આદર્શ આચારસંહિતા અનુસરવી

(અતુલ કારિયા) અમરેલી:

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ જાહેર થતાં આદર્શ આચારસંહિતા અમલી છે. જિલ્લાની લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૦૭ મે,૨૦૨૪ના રોજ યોજાશે. ભારતના ચૂંટણી આયોગ તરફથી આદર્શ આચારસંહિતાનો ચુસ્તપણે અમલ કરવામાં આવે છે. તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારો, કાર્યકરોએ અમલ કરવાનો હોય છે. મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે આ આદર્શ આચારસંહિતા અમલી છે. આ અનુસંધાને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (વર્ષ ૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું, જે અમલી છે. રાજકીય પક્ષો, ઉમેદવારો તેમજ તેમના કાર્યકરો દ્વારા આદર્શ આચારસંહિતા તથા ચૂંટણી કાયદાનો ભંગ થતો હોય તેવી જાહેરાતો ટી.વી., રેડિયો, કેબલ ટી.વી નેટવર્ક તથા ખાનગી એફ.એમ.ચેનલોમાં પ્રસારિત ન થાય તે માટે ચૂંટણી પ્રચાર કરવા ઈચ્છતા રાજકીય પક્ષો, ઉમેદવારો કે કાર્યકરોએ ઝીંગ્લ્સ, જાહેરાત કે જે દ્રશ્ય અને શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ કરતી હોય તે જાહેરાતોને ટેપ-સી.ડી અને પ્રમાણિત કરેલ ટ્રાન્સસ્ક્રીપ્ટ સાથે મીડિયા સર્ટીફિકેશન અને મોનિટરિંગ કમિટી (MCMC)ના સભ્ય સચિવશ્રી, નાયબ માહિતી નિયામકશ્રી, જિલ્લા માહિતી કચેરી, અમરેલીને અરજી કરવાની રહેશે ઉપરાંત (MCMC કમિટી દ્વારા જાહેરાત એપ્રુવ્ડ થયા બાદ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરવા માટે મંજૂરી આપવામાં આવશે.

અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની પરવાનગી વિના ટી.વી., રેડિયો, કેબલ ટી.વી નેટવર્ક તથા ખાનગી એફ.એમ.ચેનલોમાં ચૂંટણી અંગેની જાહેરાત પ્રસારિત કરી શકાશે નહી. આ જાહેરનામું તા.૦૭.૦૫.૨૦૨૪ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર ધ ઈન્ડિયન પિનલ કોડની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

ન.પા.ના સુપરવાઈઝર પરષોત્તમ મારુંનું અવસાન થતાં એક કલાક વધુ સફાઈ કરી શ્રધાંજલિ અર્પણ કરી

સાવરકુંડલા:સાવરકુંડલા નગરપાલિકા સેનેટિશન વિભાગમાં સફાઈ વિભાગમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા કર્મચારી પરસોતમભાઈ હીરજીભાઈ મારુંનું દુઃખદ અવસાન થતા તેમને શ્રધાંજલિ રૂપે સાવરકુંડલા નગરપાલિકા સેનીટેશન વિભાગના ચેરમેન તેમજ તમામ સફાઈ કર્મચારીઓ દ્વારા એક કલાક વધુ સફાઈ કરી સ્વ.પરસોતમભાઈ મારુંને પોતાનું શ્રમદાન અને સફાઈ અભિયાન કરી શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી હતી સેનીટેશન વિભાગના ચેરમેને જણાવ્યું કે લગભગ આવા દુઃખદ બનાવમાં લોકો ધંધા રોજગાર કે નોકરિયાતોને એક દિવસની રજા આપવામાં આવે છે પણ આજ એક અલગ શ્રધાંજલિ અર્પણ કરી સાવરકુંડલા સેનીટેશન વિભાગના ચેરમેન તેમજ સફાઈ કર્મચારીઓએ નવો ચીલો ચાતરીને લોકો એ પણ દેશની પ્રગતિ તેમજ રાષ્ટ્ર હિત માટે આવી રીતે વધુ કામ કરી શ્રધાંજલિ અર્પણ કરવી જોઈએ આતકે સાવરકુંડલાના નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ચીફ ઓફિસર હસમુખભાઈ બોરડ, પાલીકા એન્જિનિયર હરેશગીરી ગોસાઈ, હાઉસટેક્સ ઈન્સપેક્ટર મનોજભાઈ ત્રિવેદી સહિતના તમામ કર્મચારી ઓએ મૌન પાળી શ્રધ્ધાજલી અર્પણ કરી હતી. એમ અમીતગીરી ગોસ્વામીની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું

આદર્શ આચારસંહિતાનો ભંગ થાય તેવા કૃત્યો પર પ્રતિબંધ

અમરેલી: લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની જાહેરાત થતાં આદર્શ આચારસંહિતા અમલી છે. ૧૪-અમરેલી લોકસભા મત વિસ્તારમાં આગામી તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલી હોય જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (વર્ષ ૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે ચૂંટણી પ્રચાર નિયમન બાબતે જાહેરનામું બહાર પાડયું હતું જે અમલી છે. જે-તે વિસ્તારના સત્તાધારી પક્ષ દ્વારા હોર્ડિંગ્સ, માસ મીડિયા, વર્તમાનપત્રો, ટી.વી.ચેનલોમાં તથા અન્ય વિજાણુ માધ્યમોમાં પોતાના પક્ષની સિદ્ધિઓ કે ચૂંટણી પ્રચાર અંગેની જાહેરાતો પોતાની સત્તાનો ઉપયોગ કરી પ્રજાના પૈસાથી કરી શકશે નહીં, જાહેર કે ખાનગી સ્થળોએ ઉપરાંત શૈક્ષણિક સંસ્થા કે દવાખાનાની આજુબાજુ અને હયાત મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ પ્રકારના દબાણ દ્વારા ચૂંટણી કાર્યાલય શરુ કરી શકાશે નહીં. કોઈ વ્યક્તિએ આદર્શ આચારસંહિતાના ભંગ થાય તેવા વાંધાજનક શોર્ટ મેસેજ સર્વિસીસ અથવા મેસેજ અન્ય વ્યક્તિને મોકલવા નહીં. ઉશ્કેરણીજનક ભાષણો પર પણ પ્રતિબંધ રહેશે. ચૂંટણી પ્રચાર માટે કોઈ પણ ધાર્મિક સ્થળો સ્થળોનો ઉપયોગ કરી શકાશે નહીં તથા ધાર્મિક કાર્યક્રમોમાં ચૂંટણી પ્રચાર કરી શકાશે નહીં. સરકારી કચેરીના કમ્પાઉન્ડમાં ચાર કે તેથી વધુ વ્યક્તિ એકઠા થઈ શકાશે નહીં. ચૂંટણી પ્રચાર વખતે કટઆઉટ, ધ્વજ, બેનર, હોર્ડીંગ, પોસ્ટર, વગેરેના ઉપયોગ તથા શાળા કોલેજના મેદાનનો ઉપયોગ પરવાનગી લઈને કરી શકાશે. આવી બેઠક સવારના ૬.૦૦ કલાકથી રાત્રિના ૧૦.૦૦ વાગ્યા સુધી જ યોજવાની રહેશે. ચૂંટણી પ્રચાર સમય પૂર્ણ થયા બાદ જે તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓને તે મતદારક્ષેત્રમાં રહેવા પર પ્રતિબંધ રહેશે. જાહેરનામું તા.૦૫ મે, ૨૦૨૪ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ ધ ઈન્ડિયન પિનલ કોડની કલમ-૧૮૮ની જોગવાઈ હેઠળ સજાને પાત્ર છે. આ હુકમ ફરજ પર રોકાયેલા હોય તેવા તમામ સરકારી તથા અર્ધ સરકારી અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહીં.

અયોધ્યા સુધીનું ૧૭૦૦ કિ.મી.નું અંતર સાયકલ દ્વારા કાપી આગમન થતાં ગ્રામજનોએ વધાવ્યા

સાવરકુંડલા:સાવરકુંડલા તાલુકાના થોરડી ગામના વતની યોગીભાઈ પટેલ ૧૭ દિવસમાં ૧૭૦૦ કિલોમીટરની થોરડી થી અયોધ્યા સુધીની યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી અને અત્યારે પોતાના વતન થોરડી પરત ફરતા ગ્રામજનો દ્વારા યોગીભાઈ પટેલનું ખૂબ ઉત્સાહ અને આનંદપૂર્ણ વાતાવરણમાં ધામધૂમથી ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. . આ પ્રસંગે તેમણે પરિવાર તેમજ મિત્રો સાથે તસવીરો પણ લીધી હતી. યોગીભાઈને મળવા માટે તેમના મિત્રો સાવરકુંડલાથી પરેશભાઈ પઢિયાર ખાસ તેમને મળવા માટે છ આવ્યા હતાં. રામનવમીનાં આ પવિત્ર તહેવારમાં યોગીભાઈ પટેલના હરખથી સામૈયા કરવામાં આવ્યા સમગ્ર યાત્રા પ્રવાસ દરમિયાન ગુજરાત, યુ. પી. અને એમ.પી. ના લોકો દ્વારા પણ ખૂબ સપોર્ટ મળેલ તેમ યોગીભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

વિધર્મી યુવાન ૧૫ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો

આરોપી સમીર સુમરાએ પરિચિત વકીલની સલાહથી સગીરાને ભક્તિનગર પોલીસને સોંપી દીધી!

રાજકોટ:રાજકોટમાં વિધર્મી યુવાન ૧૫ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી જતા ચકચાર મચી ગઈ છે. માલવીયાનગર પોલીસે અપહરણની ફરિયાદ દાખલ કરી છે. જોકે જંગલેશ્વર અંકુરનગરમાં રહેતા આરોપી સમીર સુમરાએ પોતાના પરિચિત વકીલની સલાહથી સગીરાને ભક્તિનગર પોલીસને સોંપી દીધી હતી.ગોકુલધામ આર.એમ.સી. ક્વાર્ટર વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય માતાએ પોતાની ૧૫ વર્ષીય દીકરીના અપહરણની ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, હું મારા સંતાનો સાથે રહું છું. ઘરકામ કરું છું. મારા લગ્ન આજથી આશરે ત્રેવીસ વર્ષ પહેલા થયા હતા. સંતાનમાં એક દિકરો ૧૯ વર્ષનો છે. એક દિકરી ૧૫ વર્ષની છે. જે ધો.૧૦માં અભ્યાસ કરે છે.વર્ષ ૨૦૨૦ માં મારા પતિનું બીમારીથી મોત થયું હતું. ગત તા.૧૨/૪/૨૦૨૪ ના દિવસે હું મારા ભાઈ સાથે રાજસ્થાન ગઈ હતી. તા.૧૩ના રાત્રે ૧૧:૩૦ વાગ્યે મારી દિકરી પાસે ફોન પકડાવાથી તેના ભાઈએ તેને ઠપકો આપ્યો હતો. બાજુમાં રહેતા પાડોશી બહેનના ઘરે દીકરીને સુવા મોકલી આપેલ. ત્યાર બાદ તા ૧૪ના વહેલી સવારેના આશરે ત્રણેક વાગ્યે પાડોશી બહેને મારા દિકરાને જાણ કરી કે મારી દીકરી ક્યાંક જતી રહી છે.જેની જાણ મને થયા પછી મારા દીકરાએ સગા સબંધી, બસ સ્ટેન્ડ અને ગોંડલ ચોકડી શોધવા ગયેલ પણ દીકરી મળી આવેલ નહીં. તા. ૧૪ના સવારે આશરે ૧૧ વાગ્યે મારા દીકરાએ મને જાણ કરી કે, બહેન મળી ગઈ છે. અને ભક્તિબગર પોલીસ સ્ટેશને છે.હું બહેન ને લેવા જાઉં છું. પછી આશરે બપોરે બારેક વાગ્યે ભક્તિનગર પોલીસ સ્ટેશનથી દીકરીને લઈ આવેલ. ત્યાર બાદ અમે બપોર પછી ત્રણેક વાગ્યે મારા ઘરે આવેલ અને બાદ મેં મારી દિકરીને પુછેલ કે તને શું થયુ છે ? મારી દિકરી ડરતી હોય મને સરખો જવાબ આપતી ન હોય બાદ મેં આ બાબતે મારી દિકરીને શાંત પાડીને નિરાંતે પૂછતા, દિકરીએ રડતા રડતા પોતાની આપવીતી જણાવેલ કે, સમીર સુમરા સાથે મારે છેલ્લા આશરે ૨ થી ૩ વર્ષ થી પ્રેમસબંધ છે. અને અમે બન્ને અવારનવાર મળતા હતા. મને સમીર સુમરાએ મોબાઈલ આપેલ છે.જેના થી હું અને સમીર વાતચીત કરતા હતા. રાત્રીના સમીરનો ફોન આવેલ અને મને જણાવેલ કે તું મારી સાથે ચાલ આપણે લગ્ન કરી લઈશુ જેથી હું ઘરેથી રાત્રીના આશરે સાડા ત્રણેક વાગ્યે નીકળીને આ સમીરના એક્સેસ પાછળ બેસીને તેના ઘરે ગયેલ અને તેના ઘરે તેના પરીવારના લોકો હતા અને એક વકીલ હતા જેમણે સલાહ આપેલ કે આ છોકરીની ઉંમર નાની હોય જેથી તમો આને ભક્તિનગર પોલીસ સ્ટેશન લઈને જાઓ જેથી તેના પરીવારના લોકો મને લઈને ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે ગયેલ અને જ્યાં મારી પૂછપરછ કરેલ પછી ભાઈ ને ફોન કરેલ. એમ મને મારી દિકરી એ જણાવેલ હતું. જે પછી ફરિયાદી માતાએ માલવીયાનગર પોલીસ મથકે સમીર સુમરા સામે સગીરાના અપહરણ અંગે ગુનો દાખલ કરાવતા પોલીસે સમીરની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

ઉનામાં સડ્ડા અડ્ડા ગ્રુપ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રિન્સ ઈલેવન વિજેતા બની

ઉના:સડ્ડા અડ્ડા ગ્રુપ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આયોજીત ધનરાજ કપમાં ૨૦૨૪ ડગરા ઈલેવન.મ અને પ્રિન્સ ઈલેવન વચ્ચે ફાઈનલ રમાઈ હતી. જેમાં પ્રિન્સ ઈલેવન ફાઈનલ મેચમાં વિજેતા બની હતી. આ તકે નગર પાલિકા સદસ્ય વિજયભાઈ કાળુભાઈ રાઠોડ, અલ્પેશભાઈ કાનજીભાઈ બાંભણીયા, ઉના નગર પાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, મનોજભાઈ બાંભણીયા, જેન્તીભાઈ બાંભણીયા સહીતનાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. અને વિજેતા ટીમને સિલ્ડ એનાયત કરવામાં આવ્યું હતું.આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ વિસ ટીમે ભાગ લીધો હતો. જેમાં ત્રણ દિવસ આ ટુર્નામેન્ટના આયોજનમાં છેલ્લા દિવસે ફાઈનલ મેચ રમાઈ હતી તેમાં ક્રિકેટ મેચ જોવા ક્રિકેટ પ્રેમીઓ ઊમટી પડયા હતા. અને આખાયે ગ્રાઉન્ડમાં લોકો એ આ ફાઈનલ મેચ નિહાળી ઉત્સુક બન્યા હતા.

રાજકોટ કોંગ્રેસમાં ફરી આંતરિક જુથવાદ સળગ્યો: ઈન્દ્રનીલની જગ્યામાં કોંગ્રેસ કાર્યાલય સામે વાંધો?

પ્રચારને બદલે પરેશ ધાનાણીની 'મનામણા' માટે કસરત

રાજકોટ:

રાજકોટમાં કોંગ્રેસે ઉમેદવાર તરીકે સિનિયર નેતા પરેશ ધાનાણીને મુક્યા છે અને તેઓ પ્રચાર શરૂ કરે તે પૂર્વે જ મનામણા કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ડો. હેમાંગ વસાવડાના નિવાસ સ્થાને નારાજ આગેવાનોની તાબડતોડ બેઠક બોલાવવામાં આવી છે અને સંગઠીત થઈને લડવા માટે તમામને એક જુથ કરવાના પ્રયત્ન કરવામાં આવ્યા છે.માહિતગાર સુત્રોએ જણાવ્યું છે કે, કેટલાક વખત બાદ કોંગ્રેસમાં ફરી એક વખત આંતરિક જુથવાદ સળગી ઉઠ્યો છે અને પરિણામે પાર્ટીના ઉમેદવાર પરેશ ધાનાણીને તાબડતોડ સમજાવટ બેઠક યોજવાની ફરજ પડી છે. આજે બપોરે ડો. વસાવડાના નિવાસસ્થાને બેઠક યોજવામાં આવી હતી તેમાં ભીખુભાઈ વારોતરીયા, લલીત કગથરા પણ હાજર હતા. ડો. વસાવડા, મહેશ રાજપુત, પ્રવિણ સોરાની, અશોકસિંહ વાઘેલા, રણજીત મુંધવા વગેરેને બોલાવવામાં આવ્યા હતા. નારાજ આગેવાનોને મનામણા કરવાનો એજન્ડા હોવાની ચર્ચા હતી.એમ કહેવાય છે કે, કોંગ્રેસનું કાર્યાલય પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુની જગ્યામાં શરુ કરવામાં આવ્યું હોવાથી એક જુથને વાંધો પડ્યો છે. થોડા દિવસો પૂર્વે પણ ઈન્દ્રનીલની હાજરીમાં કોંગ્રેસ કાર્યાલયે યોજાયેલી મીટીંગમાં આતંરીક સટાસટી થઈ હતી.પ્રવિણ સોરાણી તથા કેટલાક અન્ય આગેવાનો બેઠક છોડીને ચાલ્યા ગયા હતા. ઈન્દ્રનીલ રાજ્યગુરુ સાથે તેઓને ટપાટપી થઈ હતી આ બેઠક વખતે પણ શહેર કોંગ્રેસના અન્ય અનેક નેતાઓ પણ આવ્યા ન હતા. આમંત્રણ ન હોવાનું કારણ આપીને તેઓએ મીટીંગમાં હાજરી આપવાનું ટાળ્યું હતું.આ વિવાદ હવે ફરી સપાટી પર આવ્યો હોય તેમ પરેશ ધાનાણીએ સંગઠીત લડાઈ માટે તમામની બેઠક યોજી છે. બેઠકમાં સમજાવટના પ્રયત્નો સફળ થાય છે કે કેમ તેના પર મીટ છે. હાલ તુર્ત તો પરેશ ધાનાણીના પ્રચારના બદલે મનામણામાં કસરત કરવાનો વખત આવ્યો હોવાની ચર્ચા છે.

અવસાન નોંધ:

અમરેલી નિવાસી સ્વ. જયસુખભાઈ ભગવાનજીભાઈ પોપટના ધર્મપત્ની મમતાબેન જયસુખભાઈ પોપટ (ઉ.વ.૭૦) તે ડો. દિવ્યેશ પોપટ, પરાગભાઈ પોપટ તેમજ જીજ્ઞાબેન અમિતકુમાર આડતિયાના માતૃશ્રી તેમજ પ્રવિણભાઈ (દાસભાઈ), દિનેશભાઈ પોપટ (પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ), બિપીનભાઈ, સુરેશભાઈ, શૈલેષભાઈના ભાભીનું તા. ૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદગતની પાર્થનાસભા/ઉઠમણું તા.૨૦-૦૪-૨૪ના રોજ સાંજે ૫ થી ૬ સુધી તેમના નિવાસ સ્થાન ગુરુકૃપા નગર, "રામ ધામ", ગાયત્રી મંદિર રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

૧૮ એપ્રિલ, "વિશ્વ ધરોહર દિવસ"

દર વર્ષે ૧૮ એપ્રિલનાં દિવસને યુનેસ્કો દ્વારા "વિશ્વ ધરોહર દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ખુબ જ સુંદર, પ્રાચીન અને ઐતિહાસિક મહત્વ ધરાવતી ઈમારતોનું રક્ષણ કરવા તેમજ લોકોમાં તેના પ્રતિ જાગૃતિ લાવવાનાં હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વમાં ૧,૧૯૪ ઐતિહાસિક ધરોહરો છે. જેમાં ઈટાલીમાં ૫૮, સ્પેનમાં ૪૯, ચીનમાં ૫૬, ફ્રાન્સમાં ૪૫, જર્મનીમાં ૪૬, મેક્સિકોમાં ૪૫, ભારતમાં ૪૦, યુનાઈટેડ કિંગડમમાં ૩૩, યુનાઈટેડ સ્ટેટ્સમાં ૩૩ છે. ઐતિહાસિક વારસાનાં મુખ્યત્વે ત્રણ પ્રકારો છે : હિસ્ટોરિકલ, ડિસ્ટ્રોઈડ અને મોર્ડન. વિશ્વનો સૌથી મોટું ઐતિહાસિક વારસા ઓસ્ટ્રેલિયામાં આવેલ ગ્રેટ બેરિયર રીફ છે, જે ૩૪૪,૪૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે. અત્યાર સુધી કુલ ૫૩ સ્થળો એવા છે કે જે "હેરીટેજ ઇન ડેનજર" તરીકે જાહેર થયા છે જેમાંથી ૧૭ કુદરતી સ્થળો છે અને ૩૬ સંસ્કૃતિક સ્થળો છે. કાઝીરંગા નેશનલ પાર્ક, લાલ કિલ્લો, ખજુરાહોની અને એલીફંટાની ગુફાઓ, કોર્ણાક સૂર્યમંદિર, આગ્રાનો કિલ્લો વગેરે ભારતના પ્રચલિત ઐતિહાસિક સ્થળો છે.

જિલ્લામાં આગામી તા.૩૦ એપ્રિલ સુધી સભા સરઘસ અને હથિયારબંધી

અમરેલી:

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે અમરેલી જિલ્લામાં તા.૩૦ એપ્રિલ, ૨૦૨૪ સુધી અમલી રહેશે.

જિલ્લામાં સભા-સરઘસ હથિયારબંધી, છટાદાર ભાષણ આપવા અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. આ ઉપરાંત જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે.

ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી-કર્મચારીને કે શારીરિક અશક્ત વ્યક્તિઓને આ હુકમ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૧૩૧ અને કલમ-૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે.

સાવરકુંડલા એસ.ટી.ડેપો ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

સાવરકુંડલા:

સાવરકુંડલા એસ.ટી.ડેપોના કર્મચારીઓ માટે એસ.ટી.ડેપો ખાતે વિધાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ નિઃશુલ્ક આરોગ્ય મંદિર દ્વારા વિનામૂલ્યે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો આતકે સાવરકુંડલા એસ.ટી. ડેપોના ડ્રાયવરો, કંડકટરો, હેલ્પરો, વોચમેનો તેમજ એસ.ટી.તમામ કર્મચારી ભાઈઓ બહેનોનો સ્ટાફ અને સાવરકુંડલા એસ.ટી.ડેપો ખાતે થી અવર જવર કરતા મુસાફરો નિઃશુલ્ક આરોગ્ય મંદિરના ડોકટરો દ્વારા બી.પી., ડાયાબિટીસ, આંખોના નંબરો વગેરેની તપાસ કરવામાં આવી હતી આ તકે સાવરકુંડલા એસ.ટી.ડેપો મેનેજર વિમલ નથવાણી, ટ્રાફિક ઈન્સપેક્ટર પુનિતભાઈ જોષી, વોચમેન પ્રકાશગીરી ગોસ્વામી, મુનાબાપુ વગેરે એસ.ટી.ના અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

રાજકોટમાં યુવતિને લલચાવી ફસાવી બળાત્કાર ગુજાનાર લેબર કોન્ટ્રાકટરને ઝડપી લેતી પોલીસ

કામના બહાને કારખાને બોલાવી બળજબરી આચરી વિડીયો ઉતારી વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું

રાજકોટ,

રાજકોટ શહેરમાં દૂષ્કર્મની વધુ એક ઘટના નોંધાઇ છે. એક યુવતિને કારખાનામાં કામ અપાવી દેવાના બહાને લેબર કોન્ટ્રાકટરે ફસાવી તેનો નગ્ન વિડીયો ઉતારી લઇ વાયરલ કરવાની ધમકી દઇ તેને કારખાને બોલાવી બળાત્કાર ગુજારી લીધો હતો. આ મામલે આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. દરમિયાન એલસીબી ઝોન-૧ની ટીમે આરોપીને દબોચી લીધો હતો.

પોલીસે આ બનાવમાં શહેરના એક વિસ્તારમાં રહેતી અને કારખાનામાં મજૂરીકામ કરતી યુવતિની ફરિયાદ

પરથી લેબર કોન્ટ્રાકટર તરીકે કામ કરતાં હાલ ૮૦ ફુટ રો૦ પર સત્યમ્ પાર્ક-૪માં રહેતાં લોકેશ પ્રદિપભાઇ શાહુ (ઉ.વ.૨૪) વિરૂધ્ધ આઇપીસી ૩૭૬ (૨) એન મુજબ ગુનો નોંધ્યો હતો. ભોગ બનેલી યુવતિએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેને કામની જરૂર હોઇ લેબર કોન્ટ્રાકટનું કામ કરતા લોકેશને મળી હતી. લોકેશે પોતે તેણીને કામ અપાવી દેશે તેમ કહી લાલચ આપી પરિચય કેળવી ફોન નંબર મેળવી વાતો કરી હતી. ત્યારબાદ માંડાડુંગર પાસે આવેલા કારખાનામાં બોલાવી હતી. ત્યારબાદ તેને કામ અપાવી દેવાની લાલચ આપી મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી નગ્ન વીડિયો ઉતારી લીધો હતો.

આ પછી લોકેશે આ વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપી વારંવાર કારખાને બોલાવી બળજબરી આચરી હતી. અંતે કંટાળીને યુવીત આજીડેમ પોલીસ સ્ટેશને પહોંચતા પીઆઇ એ. બી. જાડેજાની રાહબરીમાં પીએસઆઇ સોલંકી સહિતના સ્ટાફે ગુનો નોંધી આરોપી લોકેશની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન એલસીબી ઝોન-૧ના હેડકોન્સ. વિજેન્દ્રસિંહ ઝાલા અને જીતુભા ઝાલાની બાતમી પરથી લોકેશને માંડા ડુંગર નજીકથી પકડી લેવાયો હતો.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સક્ષ્ઞનસિંહ પરમારની સુચના અનુસાર પીએસઆઇ બી. વી. બોરીસાગર, હેડકોન્સ. વિજેન્દ્રસિંહ ઝાલા, જીતુભા ઝાલા, મનરૂપગીરી ગોસ્વામી, ધર્મરાજસિંહ જાડેજા, કોન્સ. હિતેષભાઇ પરમાર, દિવ્યરાજસિંહ જાડેજા, સત્યજીતસિંહ જાડેજા, રવિરાજભાઇ પટગીર અને આજીડેમ પોલીસે આ કામગીરી કરી હતી.

રાજકોટમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનાર વધુ ૧૦૧ ધંધાર્થી દંડાયા

ગંદકી કરનારને ૨૭ હજારનો દંડ : ૬ કિલો પ્લાસ્ટિક જપ્ત : સોલીડ વેસ્ટ શાખા સપાટો

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોન વિસ્તા ર અલગ અલગ મુખ્યે માર્ગો પર સોલીડ વેસ્ટર મેનેજમેન્ટર વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લા?સ્ટિગક જપ્ત કરવાની તથા ગંદકી કરનાર પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં કુલ?૧૦૧?આવતા?૦૬.૨૯૫?કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસસ્ટિવક જપ્ત કરી તથા ગંદકી કરનારને રૂ.?૨૬૬૫૦?નો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ અંગે મનપાની સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ સેન્ટ્રફલ ઝોનના વિવિધ મુખ્યી માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાતસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૧.૩૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસસ્ટીવક? જપ્ત કરી તથા ગંદકી કરનાર પાસેથી રૂ?૮૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટં ઝોનના વિવિધ મુખ્યજ માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટિપકનું વેચાણ કરતા ૪૭ પાસેથી ૩.૮૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક? જપ્ત કરી તથા

ગંદકી કરનાર પાસેથી રૂ. ૧૩૫૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્યત માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લા્સ્ટીકનું વેચાણ કરતા ૧૯ પાસેથી ૧.૧૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરનાર પાસેથી રૂ.૫૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

પોલીસ સમાચાર

રાજકોટના નાગેશ્વર સોસાયટીમાં આર્થિક ભીંસ આધેડનો આપઘાતનો પ્રયાસ

રાજકોટ,

રાજકોટના જામનગર રોડ નાગેશ્વર સોસાયટી સમેત શિખર એપાર્ટમેન્ટ એ-વીંગ ૧૦૩માં રહેતાં અને ખાણીપીણીનો સ્ટોલ ચલાવતાં દિલીપભાઇ નાથાભાઇ પરમાર (ઉ.વ.૪૮) ઝેરી દવા પી જતાં સિવિલમાં અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. સગાના કહેવા મુજબ દિલીપભાઇને એક દિકરો છે જે અમદાવાદ નોકરી કરે છે. દિલીપભાઇ પોતે ત્રણ ભાઇમાં વચેટ છે. એ અમુક લોકો પાસેથી ઉછીની રકમ લીધી હતી. હાલમાં આર્થિક ભીંસ હોઇ ચુકવી શકયા નહોતાં. ઉઘરાણી સતત થતી હોઇ કંટાળી ગયા હોઇ આ પગલુ ભર્યાની શકયતા છે. ભાનમાં આવ્યે પોલીસ વધુ કાર્યવાહી કરશે.

રાજકોટના શાપરમાં મહિલાનું બેભાન થતાં સારવારમાં મોત

રાજકોટ,

શાપર વેરાવળ શાંતિધામ સોસાયટીમાં રહેતી ધારાબેન હરેશભાઇ વઘેરા (ઉ.વ.૨૪)ને ત્રણેક વર્ષની સંધીવા સહિતની બિમારી હોઇ અને હાલમાં કમળો થઇ જતાં ૧૫મીએ ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, કેતનભાઇ નિકોલા સહિતે શાપર પોલીસને જાણ કરી હતી. ધારાબેન ત્રણ બહેનમાં નાની હતી. તેના પિતા પેઇન્ટીંગ કામ કરી ગુજરાન ચલાવે છે.બીજા બનાવમાં નવા થોરાળા પોલીસ સ્ટેશન સામે રહેતાં રંજનબેન રમેશભાઇ જેતાણી (ઉ.વ.૫૦) શ્વાસની બિમારીને કારણે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેણીના પતિ મજૂરી કરે છે. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.

રાજકોટના મવડી બાપાસીતારામ ચોક પાસે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો શખ્સ પકડાયો

રાજકોટ,

રાજકોટના મવડી મેઇન રોડ પર બાપા સીતારામ ચોક પાસે ક્રાઇમ બ્રાંચે બાતમીના આધારે દરોડો પાડી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા એક શખ્સપને પકડી લીધો હતો.મવડી મેઇન રોડ પર બાપા સીતારામ ચોક પાસે એક શખ્સલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાની બાતમી મળતા ક્રાઇમ બ્રાંચના પી.આઇ. એમ. આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ. વી. એસ. ડાભી, હેડ કોન્સઇ. અમીતભાઇ અગ્રાવત, કીરતસિંહ ઝાલા, કોન્સિ. નગીનભાઇ ડાંગર, વાલજીભાઇ જાડા, તથા પ્રદિપસિંહ જાડેજા સહિતે મવડી મેઇન રોડ પર બાપા સીતારામ ચોક પાસે દરોડો પાડી મોબાઇલમાં આઇ.ડી. પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા રાજેશ વિષ્ણુમભાઇ દેસાણી (રહે. કાલાવડ રોડ એવરેસ્ટ પાર્ક શેરી નં. ૪) ને પકડી લઇ ત્રણ મોબાઇલ સહિત રૂા. ૪૦ હજારનો મુદામાલ કબ્જેક કર્યો હતો. તેની પૂછપરછમાં અમદાવાદનો કાળુ અને મુંબઇના દિવ્યેભશનું નામ બહાર આવતા તેની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટના હત્યાની કોશિષના ગુનામાં ૬ માસથી ફરાર આરોપી પકડાયો

રાજકોટ,

રાજકોટના ભગવતીપરા દશામાના મંદિર પાસે શેરી નં. ૯માં રહેતો જાવીદ હનીફભાઇ સોઢા (ઉ.વ.૨૯) હત્યાની કોશિષના ગુનામાં છ મહિનાથી ફરાર હોઇ તેને મોબાઇલ ફોનની સીડીઆર એનાલિસિસનો ઉપયોગ કરી હેડકોન્સ. ક્રિપાલસિંહ જાડેજા, કોન્સ. જગદીશભાઇ વાંક અને વિશ્વજીતસિંહ ઝાલાની બાતમી પરથી પકડી લેવાયો છે.જાવિદ સોઢા વિરૂધ્ધ છ મહિના પહેલા બી-ડિવીઝન પોલીસમાં હત્યાની કોશિષનો ગુનો નોંધાતા તે ફરાર થઇ ગયો હતો. અગાઉ તેના વિરૂધ્ધ પ્ર.નગરમાં હત્યાનો અને બી-ડિવીઝનમાં દારૂનો ગુનો પણ નોંધાયો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સક્ષ્ઞનસિંહ પરમાર, એસીપી આર. એસ. બારીયાની રાહબરીમાં પીઆઇ એસ. અમે. જાડેજા, પીએઅસાઇ કે. ડી. મારૂ, હેડકોન્સ. રાજેશભાઇ બાળા, ક્રિપાલસિંહ જાડેજા, લાલજીભાઇ હાડગડા, કોન્સ. જયદિપસિંહ બોરાણા, ભાનુશંકર ધાંધલા, પંકજભાઇ માળી, જગદીશભાઇ વાંક, વિશ્વજીતસિંહ ઝાલા, પોપટભાઇ ગમારા અને રાજદિપભાઇ પટગીરે આ કામગીરી કરી હતી.

રાજકોટના ભગવતિપરા વેપારીના બંધ મકાનમાંથી રૂા. ૩.૧૪ લાખની મતાની ચોરી

વેપારી પરિવાર સાથે રાજસ્થારન જતાં તસ્કકરો રોકડ - દાગીના ઉઠાવી ગયા : ફરિયાદ

રાજકોટ,

રાજકોટ ભગવતી પરા મેઇન રોડ પર આવેલા સૈફી પાર્કમાં રહેતા કાચના વેપારીના મકાનને નિશાન બનાવી તસ્કવરો રોકડ તથા દાગીના મળી રૂા. ૩,૧૪,૭૦૦ની માલમતા ચોરી જતા ફરિયાદ થઇ છે.

મળતી વિગત મુજબ ભગવતીપરા મેઇન રોડ ગોલ્ડીન મોર્ડ સ્કુતલની પાછળ સૈફી પાર્કમાં રહેતા યુસુફભાઇ કુતબુદ્દીનભાઇ સોમે સરવાળા (ઉ.વ.૨૯) એ બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. યુસુફભાઇએ ફરિયાદમાં જણાવ્યુ છે કે પોતે સાધુ વાસવાણી રોડ પર જોહર ગ્લાસ નામની દુકાન ધરાવે છે.

જેમાં પોતે કામ ફીટીંગનું કામ કરે છે. તા. ૧૨ના રોજ પોતે પિતા-માતા, પત્ની અને એક પુત્રી સાથે મકાનને તાળુમારી રાજસ્થાકનના ઉદયપુરમાં રહેતા બહેનના ઘરે પ્રસંગમાં ગયા હતા.

આજે સવારે પરિવાર સાથે પરત આવ્યાળ ત્યાથરે ઘરની ડેલીનો નકુચો તુટેલો જોવા મળતા પોતે તુરત જ ઘરમાં પ્રવેશ કરતા મેઇન દરવાજાના તાળાનો નકુચો તુટેલો હતો. પોતે ઘરમાં તપાસ કરતા નીચે સામાન વેરવિખેર હતો. અને રૂમમાં રાખેલ કબાટમાં જોતા તેમાં રાખેલા હિસાબના રૂા. ૨.૨૧ લાખ તથા સોના ચાંદીના દાગીના જોવા ન મળતા કુલ રૂા. ૩,૪૧,૭૦૦ની માલમતા કોઇ અજાણ્યા શખ્સો ચોરી ગયાની ખબર પડી હતી. બાદ પોતે પોલીસ કંટ્રોલમાં જાણ કરતા બી ડીવીઝન પોલીસ મથકના એ.એસ.આઇ એ.વી.બકુત્રા સહિતે સ્થ ળ પર પહોંચી યુસુફભાઇની ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

રાજકોટ ગંજીવાડાના બૂટલેગર પાસામાં ધકેલાયો : વડોદરા જેલ હવાલે

રાજકોટ,

રાજકોટ શહેરના ગંજીવાડા મેઇન રોડ પર શેરી નં. ૨૬ના ખુણે રહેતાં હિપાલ ઉર્ફ લાખો દેવજીભાઇ ગોહેલ (ઉ.વ.૩૫)ને દારૂના ગુનામાં સંડોવાયો હોઇ ઇ-ગુજકોપમાં ગુનાહિત ઇતિહાસ ચકાસી ભકિતનગર પોલીસે પાસાની દરખાસ્ત તૈયાર કરતાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવએ દરખાસ્ત મંજુર કરી તેને વડોદરા જેલમાં ધકેલવા હુકમ કર્યો હતો.

હીપાલ ઉર્ફ લાખા વિરૂધ્ધ થોરાળા, એ-ડિવીઝન, લોધીકા, માલવીયાનગર, ડીસીબી, ભકિતનગરમાં દારૂ, ધાકધમકી સીહતના નવ ગુના નોંધાયા હતાં. એક વખત પાસામાં પણ જઇ આવ્યો હતો. ફરી વખત તેને પાસામાં ધકેલાયો છે. જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સક્ષ્ઞનસિંહ પરમાર, એસીપી

બી. વી. જાધવની રાહબરીમાં પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, પીસીબી પીઆઇ એસ. એસ. રાણે, પીએસઆઇ એમ. એન. વસાવા, એએસઆઇ નિલેષભાઇ મકવાણા, હેડકોન્સ. દિલીપભાઇ બોરીચા, કોન્સ. વિશાલભાઇ દવે, રાજુભાઇ દહેકવાલ, ઇન્દ્રજીતસિંહ સિસોદીયા, રાહુલગીરી ગોસ્વામીએ વોરન્ટ બજવણીની કામગીરી કરી હતી.

ગોંડલના બે ભાઇઓ સહિત પાંચને ઓનલાઇન કંપનીમાં ઉંચા વળતરની લાલચ આપી રૂ. ૧૦.૯૧ લાખની ઠગાઇ

આઇ.એ.એફ. ફાઇનાન્સીંનગ તથા ગ્રુપ એડમીન, કંપનીના મેનેજર સહિત ૧૦ સામે ફરીયાદ

રાજકોટ,

ગોંડલના વોરા કોટડા રોડ પર રૈયાણીનગરમાં રહેતા યુવાન તેના ભાઇ, ભત્રીજા સહિત પાંચ લોકોને ઇ. બી. એમ. કોલોબેશનમાં કામ કરતી કંપની આઇ. એ. એફ. ફાઇનાન્સીંજગ નામની એપમાં જાહેરાત કરી ઓનલાઇન કંપનીમાં ઉંચા વળતરની લાલમ આપી નાણાનું રોકાણ કરાવી રૂા. ૧૦,૯૧,૫૪૮ ની છેતરપીંડી આચરતા ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ થઇ છે.

મળતી વિગત મુજબ ગોંડલના વોરાકોટડા રોડ પર રૈયાણીનગરમાં રહેતા ધર્મેન્દ્રરભાઇ ગીરધરલાલભાઇ પંડયા (ઉ.વ.૪૫) તે ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસ મથકમાં ઇ. બી. એમ. કોલોબ્રેશનમાં કામ કરતી કંપનીમાં આઇ. એ. એફ. ફાઇનાન્સીંલગ નામની એપ તથા ગ્રુપ એડમીન અને મેનેજર સહિત દસ મોબાઇલ ધારકો સામે ફરીયાદ નોંધાવી છે. ધર્મેન્દ્રભાઇએ ફરીયાદમાં જણાવ્યું છે કે પોતે પ્રાઇવેટ નોકરી કરે છે. પોતે તા. ૧૪-૧ પહેલા અગાઉ ત્રણ મહિના પહેલા પોતે પોતાના મોબાઇલમાં યુ-ટયુબ ઓનલાઇનમાંથી એક લીંક ખોલી હતી. જેમાં આઇ. એ. એફ. ફાઇનાન્સીંગ નામની એપ હોઇ જે. આઇ. બી. એમ. સાથે કોલોબ્રેશનમાં કામ કરતી કંપની હોઇ અને જેમાં મની ઇન્વેંસ્ટી કરી ઉચુ વળતર આપતા હોઇ તેવી જાહેરાત આપતા પોતે આ જાહેરાતમાં ઉંચુ રીટર્ન મેળવવાના પ્રલોભનમાં આવી જઇ આ એપનો પોતે પાંચ મહિનાથી ઉપયોગ કરતા હતાં. અને પોતે અલગ-અલગ રીતે કુલ રૂા. ૬,૩૫,૨૬૬ પેટીએમમાંથી અલગ-અલગ કંપનીમાં પૈસા મોકલ્યો હતાં. તા. ૧૫-૧ ના રોજ ઓનલાઇન સરવર ડાઉન કરી કંપની ઓફ લાઇન થઇ ગઇ અને આ કંપનીમાં અલગ-અલગ લોકો હતાં. જેમાં ગ્રુપના એડમીન તથા મેનેજર સહિત અલગ-અલગ ૧૦ મોબાઇલ નંબર પર વ્હો ટસ એપમાં મેસેજ દ્વારા વાત થઇ હતી. તા. ૧૪-૧ ના રોજ આ મોબાઇલ નંબર વ્હોંટસ એપ ગ્રુપમાંથી લેફ્ટ થઇ ગયા હતાં. અને તા. ૧૫-૧ ના રોજ સાઇડ બંધ થઇ ગઇ હતી. અને આજદીન સુધી આ ફોન નંબરો સ્વીફ્ચ ઓફ આવે છે. બાદ પોતાની સાથે છેતરપીંડી થઇ હોવાની ખબર પડતા પોતે સાયબર હેલ્પો લાઇન નંબર ૧૯૩૦-૧૯૩૦ માં ઓન લાઇન ફરીયાદ કરી હતી.

રાજકોટના હાર્ડવેરના વેપારી સાથે ઠગાઈ : રૂા. ૨૦ લાખની સ્કોર્પિયો ભાડે લઈ ગયા બાદ પરત ન આપી : બે શખ્સો સામે ગુનો દાખલ

રાજકોટ,

રાજકોટ શહેરના મવડી વિસ્તારમાં રહેતા અને મુળ ગોંડલ પંથકના હાર્ડવેરના વેપારીની રૂા.૨૦ લાખની સ્કોર્પિયો કાર ભાડે લઈ ગયા બાદ થોડો સમય ભાડુ ચુકવી બાદમાં રકમ ચુકવવાનું બંધ કરી દઈ અને કાર પણ પરત ન આપી ઠગાઈ આચર્યાની ફરિયાદ તાલુકા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે રાજકોટમાં કોઠારીયામાં રહેતા અને જામનગરના શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, મુળ ગોંડલના મોટી ખીલોરી ગામના વતની અને હાલ રાજકોટમાં મવડી ગામમાં ભાડાના મકાનમાં રહેતા અને સંસ્કાર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં સત્યમ એન્ટરપ્રાઈઝ નામની હાર્ડવેરની દુકાન ધરાવતાં વેપારી ઋષિ હિમંતભાઈ ચોવટીયા (ઉ.૨૫)એ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટમાં કોઠારીયા ગામે રહેતા આકાસ ઉર્ફે અક્કી પટેલ અને જામનગરમાં રહેતા બિલાલશા હશનશા શાહમદારના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેણે ગત તા.૨-૩-૨૦૨૪ના રૂા.૨૦.૦૫ લાખમાં નવી સ્કાર્પિયો કાર ખરીદી હતી જે ખાર તેણે તેને ફૈઈના પુત્ર કૃતિક હરીપરાને સંભાળવા માટે આપી હતી અને કૃતિક જ આ કાર ભાડે આપી તેનો વહીવટ કરતો હતો. દરમિયાન કૃતિકે આ કાર દોઢેક માસ પહેલા કોઠારીયામાં રહેતા આકાસ ઉર્ફે અક્કીને ૧૫૦ ફુટ રીંગ રોડ પર મવડી ચોકડી પાસે ૨૪ કલાકના રૂા.૪૩૦૦ના ભાડા લેખે ભાડે આપી હતી. બાદમાં એક મહિના સુધી આકાશે કારનું ભાડુ ચુકવ્યું હતું.ફરિયાદીએ કૃતિકને ગમે તેમ કરી કાર પરત લેવાનું કહેતા કૃતિકે આકાશને કાર પરત આપવા માટે અવારનવાર કહેવા છતાં અને જામનગરના બીલાલશાને પણ ફોન કરવા છતાં બન્ને લોકો કાર પરત આપતા ન હોય અને ભાડુ પણ આપતાં ન હોય જેથી બન્ને શખ્સોએ વિશ્વ્વાસઘાત, છેતરપીંડી કરી હોવાનું માલુમ પડતાં ફરિયાદીએ આ અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટ બે ચોરાઉ મોબાઈલ વેંચવા આવેલો ગોંડલનો શખ્સ પકડાયો

રાજકોટ,

પોરલા પોલીસ સ્ટેશનના એએસઆઇ હિતેન્દ્ર સિંહ ઝાલા, હેડકોન્સટ. પ્રકાશભાઇ ખાંભરા અને વિમલભાઇ ધાણજાની બાતમી પરથી ભાવનગર રોડ આરએમસી ઈસ્ટ૦ ઝોન ઓફિસ પાસે ચોરાઉ મોબાઇલ ફોન વેચવા આવેલા શખ્સત શબ્બીગર ઉર્ફે રૂસ્ત૦મ હબીબશા શાહમદાર (ઉ.૨૧-રહે. મોવૈયા રોડ, જકાતનાકા પાસે ગોંડલ)ને પકડી લઇ રૂા. ૫-૫ હજારના બે મોબાઇલફોન કબ્જેહ લેવાયા હતાં. આ બંને ફોન તેણે ચોરી કે છળકપટથી મેળવ્યા હતાં.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સક્ષ્ઞનસિંહ પરમાર, એસપી બી. વી. જાધવની સુચના અનુસાર

થોરાળા પીઆઇ એન. જી. વાઘેલા, પીએસઆઇ જે. એમ. પરમાર, પીએસઆઇ એમ. એસ. મહેશ્વરી, એએસઆઇ હિતેન્દ્રફસિંહ એમ. ઝાલા, આર. એસ. મેર, હેડકોન્સઆ. પ્રકાશભાઇ ખાંભરા, હસમુખભાઇ નિનામા, વિમલભાઇ ધાણજા, જયદિપસિંહ જાડેજા, કોન્સ . સંજયભાઇ અલગોતર અને પ્રકાશભાઇ ચાવડાએ આ કામગીરી કરી હતી.

રાજકોટના બેડીનાકા પાસે રાણીમા રૂડીમા મંદિરમાંથી ચાંદીના છત્તર ચોરનાર શખ્સ ઝડપાયો

રાજકોટ,

રાજકોટ સોની બજાર નજીક બેડી નાકા ટાવર અંદર આવેલા રાણીમા રૂડીમા મંદિરમાંથી ચાંદીના છતરની ચોરી થઇ હતી. આ બનાવનો ભેદ થોરાળા પોલીસે ઉકેલી એક શખ્સરને દબોચી લઇ રૂા. ૮૧ હજારના છતર કબ્જો કર્યા છે. આ ઉપરાંત ગોંડલથી રાજકોટ બે ચોરાઉ ફોન વેંચવા આવેલા શખ્સૂને પણ પકડી લીધો હતો.

જાણવા મળ્યાથ મુજબ થોરાળા પોલીસ સ્ટે શન ડી. સ્ટા ફની ટીમ મિલ્કાત વિરોધી ગુના અટકાવવા પેટ્રોલીંગમાં હતી ત્યો હેડકોન્સા. પ્રકાશભાઇ ખાંભરા, વિમલભાઇ ધાણજા અને કોન્સવ. સંજયભાઇ અલગોતરને બાતમી મળી હતી કે સંત કબીર રોડ પર એક શખ્સ ચાંદીનો માલ ગાળવા માટે આવી રહ્યો છે અને તેણેચોકલેટી શર્ટ તથા બ્લુ જીન્સે પહેર્યુ છે. તેના આધારે વોચ રાખી સંત કબીર રોડ ગોકુલ પાનવાળી શેરી પાસેથી શકમંદને પકડી થેલી ચેક કરતાં ચાંદીના છત્તર જોવા મળ્યી હતાં. બીલ માંગતા ગલ્લા તલ્લા કર્યા હતાં.

વિશીષ્ટજ ઢબે પુછતાછ કરતાં તેણે આ છત્તર ચાર દિવસ પહેલા સોની બજારના રાણીમા રૂડીમા માંવિદરમાંથી ચોરી કર્યાનું કબુલ્યુંહ હતું.

પુછતાછમાં પોતાનુ નામ મહેન્દ્રા રમેશભાઇ સનુરા (ઉ.૨૪-રહે. છોટાલાલ વાઘજીના ડેલા પાસે કેસરી પુલ) જણાવ્યું હતું. તેમજ પોતે છુટક મજૂરી કરતો હોવાનું અને પૈસાની જરૂર હોઇ છત્તર ચોરીલીધાનું રટણ કર્યુ હતું. આ શખ્સમ પાસેથી ૧ કિલો ૮૦૦ ગ્રામ વજનના રૂા. ૮૦ હજારના છત્તર કબ્જેં કરવામાં આવ્યા. હતાં.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

મજૂરોની આર્થિક સ્થિતિમાં ખાસ સુધારો થતો નથી

ભારતનું અર્થતંત્ર ઝડપથી રહ્યું છે મેક ઇન ઇન્ડિયાના કોન્સેપ્ટ દ્વારા ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન વધી રહ્યું છે પરંતુ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોમાં કામ કરતાં કામદારોની સ્થિતિમાં જાજો સુધારો થતો નથી. આ દેશમાં ૭૦% મજૂરો એવી રીતે કામ કરે છે કે જેને મજૂરોના લાભદાયક કાયદાઓ લાગુ પાડવામાં આવતા નથી તેને ઓછું વેતન મળે છે

કામદારોની વિશાળ બહુમતીને મજૂર કાયદાઓનું કોઈ ખાસ લાભ મળતો નથી તેથી મજૂર કાયદાનો અમલ મુલતવી રાખતા ત્રણ રાજ્યોના વટ હુકમ સામે કામદાર સંઘનો પ્રબળ વિરોધ થયો નહીં

લોક ડાઉન વખતે સ્થળાંતરિત મજૂરોનો પ્રશ્ન ઊભો થયો ત્યારે કેટલા તજ્ઞોને યાદ આવ્યું હતું કે દેશમાં સ્થળાંતરિત કામદારોને સ્પર્શતો એક કાયદો પણ છે. વધારે અગત્યની હકીકત એ છે કે દેશમાં વેતન મેળવતા કામદારોના ૭૦ ટકા કાનૂની કરાર વગર જ નોકરી કરી રહ્યા છે. મતલબ કે તેઓ મજૂરકાયદાઓનો લાભ લઈ શકે તેમ નથી. તેમના માટે મજૂરકાયદાઓ પોથીમાંનાં રીંગણ છે

કામદારોની વિશાળ બહુમતીને મજૂરકાયદાઓનો કોઈ લાભ મળતો જ નથી. તેથી મજૂરકાયદાનો અમલ મુલત્વી રાખતાં ત્રણ રાજ્યોના વટહુકમો સામે કામદાર સંઘોનો પ્રબળ વિરોધ થયો નહિ.

માલિકો કામદારોને એમની મરજી પ્રમાણે છૂટા કરી શકતા નથી તે મજૂરકાયદાની એક જોગવાઈ બજારવાદી અર્થશાસ્ત્રીઓને વાંધાજનક લાગી છે. આ જોગવાઈ મજૂરસંખ્યાની દૃષ્ટિએ મોટા એકમોને લાગુ પડતી હોઈ દેશમાં ઉદ્યોગપતિઓ મોટા ઔદ્યોગિક એકમો સ્થાપવાથી દૂર રહે છે, એવી તેમની દલીલ છે. તેથી દેશના ઔદ્યોગિક માળખામાં નાના ઔદ્યોગિક એકમોનું પ્રાચુર્ય છે. ભારત દુનિયાના નિકાસબજારનો લાભ થઈ શકતું નથી, તેના મૂળમાં ભારતનું આ ઔદ્યોગિક માળખું છે. નાના પાયા પર ઉત્પાદન કરતા એકમોની કાર્યક્ષમતા, મોટા પાયા પર ઉત્પાદન કરતા એકમોની તુલનામાં ઓછી હોવાથી તેઓ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ટકી શકતા નથી. ભારતે જો વિવિધ ઔદ્યોગિક ચીજોના વિશ્વબજારનો લાભ લઈને ઝડપી ઔદ્યોગિક વિકાસ કરવો હોય તો તેણે મોટા ઔદ્યોગિક એકમોને ઉત્તેજન આપવું જોઈએ. એ દૃષ્ટિએ મજૂરકાયદાની જે જોગવાઈઓ મોટા એકમો માટે પ્રતિકૂળ હોય તે દૂર કરવી જોઈએ.

ભારતમાં મોટા ઔદ્યોગિક એકમોના વિસ્તરણ સામેનો મુખ્ય અવરોધ મજૂરકાયદાઓમાં રહેલો છે. આ દલીલને તપાસવાની જરૂર છે. ભારતમાં નાના પાયાના ઉત્પાદન એકમોનું પ્રાચુર્ય દેશમાં નિયોજન-પ્રતિભા (ટેલેન્ટ)ની લાક્ષણિકતાનું ધોતક છે કે કેમ તે તપાસવાની જરૂર છે. આમાં આપણી સાંસ્કૃતિક પરંપરા કેટલે અંશે જવાબદાર છે તે પણ તપાસવાની જરૂર છે. આપણે ઈનોવેટિવ નિયોજકો અપવાદરૂપે મેળવી શક્યા છીએ. ચીનના નિયોજકો ભારતમાં પતંગ માટેની દોરી અને ગણપતિની મૂર્તિઓ માટેનું બજાર શોધી શકે, એવી શોધક પ્રતિભા આપણે પેદા કરી શક્યા નથી. આપણે ચીનની તુલનામાં બજારના માધ્યમનો ઉપયોગ કરીને ઘણું ઓછું હાંસલ કરી શક્યા છીએ તે અંગે ઉદ્યોગ સાહસિક કોઈએ તથા વ્યાપાર ઉદ્યોગની સંસ્થાઓએ વિચારવું જરૂરી છે દેશમાં ઔદ્યોગિક મૂડીરોકાણોને ઉત્તેજન આપવા માટે અને તેના એક ભાગરૂપે વિદેશી કંપનીઓને દેશમાં આકર્ષવા માટે મજૂરકાયદાઓ સુધારવા જરૂરી છે, એવી હિમાયત બજારવાદી અર્થશાસ્ત્રીઓ કરતા આવ્યા છે.



ફ્રાઇડે ફોટો સ્ટોરી

-જયદીપ એન. ઠાકર

શહેરી ભાગદોડ વચ્ચે શાંતિનું સરનામું રવેચીધામ

ભાવનગરના એરપોર્ટ રોડ ઉપર આવેલ ભક્તિ અને પ્રકૃતિના સમન્વય સમાન રળિયામણું સ્થળ રવેચીધામ પ્રાકૃતિક સૌંદર્યની નવી ઊર્જા સાથે શાંતિનું સરનામું બની રહે છે. અહીંના પક્ષી-જગતનું સાનિધ્ય શહેરી ભાગદોડને વિસરાવી દઈ પ્રાકૃતિક પ્રસન્નતાનો અહેસાસ કરાવે છે, શહેરના કોલાહલ વચ્ચે માનસપટ પર શાંત સ્પંદનો પ્રગટાવે છે. અહીં અનુભવેલી પક્ષીઓની ચહલ પહલ, મુક્ત સ્વૈરવિહાર લોકો માટે અનોખી સ્મરણ સંપદા બની રહે છે.

ફેરનેસ ક્રિમને કારણે ભારતમાં કિડનીની સમસ્યાઓ વધી રહી છે !

ક્રિમમાં પારાની વધુ માત્રા કિડનીના નુકસાન માટે જવાબદાર- સર્વેમાં ખુલાસો

વિશેષ

ભારતીય લોકોને ગોરી ત્વચાનું વળગણ છે. લોકો ત્વચાને ચમકદાર બનાવવા માટે વિવિધ પ્રકારની ફેરનેસ ક્રિમનો ઉપયોગ કરે છે, તેથી ભારતમાં ત્વચાને ગોરી કરવા માટેનીફેરનેસ ક્રિમનું વિશાળ બજાર છે . જો કે, આ ક્રિમમાં પારાની વધુ માત્રા કિડનીના નુકસાન માટે જવાબદાર છે.

એક નવા અભ્યાસ મુજબ સ્કિન ફેરનેસ ક્રીમનો ઉપયોગ ભારતમાં કિડનીની સમસ્યાઓમાં વધારો કરી રહ્યો છે. મેડિકલ જર્નલ કિડની ઈન્ટરનેશનલમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભારે પારો ધરાવતી ફેરનેસ ક્રીમના વધુ પડતા ઉપયોગથી મેમ્બ્રેન નેફ્રોપથી (સ્દ્ર) ના કેસ વધી રહ્યા છે, જે કિડનીની ગાળણ પ્રક્રિયાને નુકસાન પહોંચાડે છે અને પ્રોટીન લિકેજનું કારણ બને છે. મેમ્બ્રેન નેફ્રોપથી (સ્દ્ર) એક કિડની ડિસઓર્ડર છે જે કિડનીની ગાળણ પ્રક્રિયાને પાયમાલ કરી નાખે છે, જેના કારણે શરીર પેશાબમાં ખૂબ પ્રોટીન ઉત્સર્જન કરે છે. સંશોધકોએ કહ્યું છે કે આવા ઉત્પાદનોના ઉપયોગના જોખમો વિશે જનજાગૃતિ ફેલાવવી અને આ જોખમને રોકવા માટે આરોગ્ય અધિકારીઓને ચેતવણી આપવી જરૂરી છે.

અભ્યાસમાં સંશોધકોએ જણાવ્યું હતું કેફેરનેસ ક્રિમ ભારતની બેરોકટોક બજારોમાં વ્યાપકપણે ઉપલબ્ધ છે. આ ક્રીમ તમને ઝડપથી ગોરા કરવાની ખાતરી આપે છે, પણ તમારે એની ભારે કિંમત ચૂકવવી પડે છે, કારણ કે એક વાર તમે આ ક્રીમના વ્યસની થઇ જાવ અને પછી તેનો ઉપયોગ બંધ કરવાથી ત્વચાનો રંગ વધુ ઘેરો બની શકે છે. ફેરનેસ ક્રીમમાં પારો હોય છે જે અત્યંત ઝેરી માનવામાં આવે છે. લિપસ્ટિકમાં પણ ક્રોમિયમ હોય છે, જે કાર્સિનોજેનિક છે.

સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ (ઝ્જીઈ)ની પોલ્યુશન મોનિટરિંગ લેબ (ઁસ્ન) એ જણાવ્યું હતું કે ભારતમાં કોસ્મેટિક્સમાં પારાના ઉપયોગ પર પ્રતિબંધ છે. છતાં પણ પરીક્ષણ કરાયેલ ૪૪ ટકા ફેરનેસ ક્રિમમાં પારો જોવા મળ્યો હતો. લિપસ્ટિકના ૫૦ ટકા સેમ્પલમાં ક્રોમિયમ અને ૪૩ ટકામાં નિકલ મળી આવ્યું હતું. સંશોધકોએ જણાવ્યું હતું કે લોકોને જોખમથી બચાવવા માટે આવા ફેરનેસ ક્રિમપર તાત્કાલિક પ્રતિબંધ મૂકવો જોઈએ.

હવે AI તમારા મૃત્યુની આગાહી પણ કરશે?

ડેનમાર્કના વૈજ્ઞાનિકો Life2Wake નામના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે

છેલ્લાં કેટલાક સમયથી ટેક્નો વર્લ્ડમાં Artificial Intelligence (AI)ની બોલબાલા છે. AIના આવ્યા બાદ ઘણા બધા કામ સરળ થઈ ગયા છે. પરંતુ શું છેં હવે તમારા મૃત્યુની ભવિષ્યવાણી પણ કરશે? દુનિયામાં જે પણ આવ્યું છે તેનું મૃત્યુ નિશ્ચિત છે પણ એ મૃત્યુ ક્યારે આવશે અને કઈ રીતે આવશે એની કોઈને જાણ નથી. પણ હાલમાં છેંનો જમાનો છે અને આ જ ટેક્નોલોજીની મદદથી તમે તમારા મૃત્યુની તારીખ અને સમયની આગાહી કરી શકાશે.

સામાન્યપણે આપણે ભવિષ્ય જાણવા કે આપણા મૃત્યુ વિષેના સવાલોના જવાબ મેળવવા માટે જ્યોતિષિઓ પાસે જઈએ છીએ. પણ તેઓ પણ ક્યાંકને ક્યાંક ક્યારેક થાપ થાઈ જાય છે. આવી પરિસ્થિતિમાં હવે ડેનમાર્કના વૈજ્ઞાનિકો AI ટેક્નોલોજીનો ઉપયોગ કરીને એ તમારું મૃત્યુ ક્યારે થશે એ અંગેની આગાહી કરશે. આ વૈજ્ઞાનિકો Life2vec નામના એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છ અને એમાં તેઓ ૭૫%ની એક્યુરસી સાથે સચોટ આગાહી કરી શકે છે કે કોઈ વ્યક્તિ ચાર વર્ષમાં મૃત્યુ પામશે કે કેમ?

તમારા મૃત્યુની આગાહી કરવા માટે આ AI મોડલ તમારી આવક, તમારું પ્રોફેશન શું છે, તમે ક્યાં રહો છો અને તમારા આરોગ્યની માહિતી જેવી બેઈઝિક ઈન્ફોર્મેશનનો ઉપયોગ કરે છે. આ માહિતીના આધારે તે એક અલ્ગોરિધમ બનાવે છે જે ૭૮ ટકા જેટલું સચોટ હોવાની અપેક્ષા વ્યક્ત કરાઈ રહી છે. આનો અર્થ એવો થયો કે હવ AI એટલું આગળ વધી ગયું છે કે જે તમારા મૃત્યુની આગાહી પણ કરી શકશે.

આ પ્રોજેક્ટ હેઠળ વૈજ્ઞાનિકો એ જાણવાનો કે બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે ટેકનોલોજી કેટલી અદ્ભૂત છે, પરંતુ એની સાથે સાથે તેનાથી ઊભા થતાં જોખમો વિશે ચેતવણી પણ વૈજ્ઞાનિકોએ ઉચ્ચારી હતી. આ પ્રોજેક્ટની મદદથી વૈજ્ઞાનિકો એ જાણવાનો પણ પ્રયાસ કરી રહ્યા છે કે તેઓ કોઈ વ્યક્તિની હેલ્થ કે સોશિયલ લાઈફ સંબંધિત ઘટનાઓની આગાહી કરવા સક્ષમ છે કે નહી.

ગ્રીન હાઈડ્રોજનની બોલબાલા થશે

હાઈડ્રોજન વાયુને કોઈ રંગ હોતો નથી આમ છતાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન થાય છે ! સાયન્સના કોઈપણ વિદ્યાર્થીને પૂછો તો કહેશે કે હાઈડ્રોજન વાયુને કોઈ રંગ હોતો નથી!

પેટ્રોલ ડીઝલનો જમાનો ખતમ થશે અને ગ્રીન હાઈડ્રોજન થી તમામ વાહનો ચાલે તે દિવસો હવે દૂર નથી હાઈડ્રોજન ને કોઈ રંગ નથી તે રંગ અને ગંધ વગરનો સૌથી હલકો વાયુ છે અને તે ઘડાકા સાથે સળગે છે આમ છતાં તેનો વ્યાપક ઉપયોગ નજીકના ભવિષ્યમાં થવાનો જ છે

ગ્રીન હાઈડ્રોજન ને રિન્યુએબલ હાઇડ્રોજન પણ કહેવાય છે, લીલો હાઇડ્રોજન પાણીના વિદ્યુત વિચ્છેદન દ્વારા મેળવવામાં આવે છે. સૌથી નિર્ણાયક બાબત એ છે કે આ પ્રક્રિયા સંપૂર્ણપણે નવીનીકરણીય ઉર્જા દ્વારા સંચાલિત છે, તેથી તે વાતાવરણમાં કોઈ પ્રદૂષિત ઉત્સર્જન ઉત્પન્ન કરતી નથી અને તે સૌથી સ્વચ્છ અને ટકાઉ હાઇડ્રોજન છે.

રિન્યુએબલ હાઇડ્રોજન પણ કહેવાય છે, લીલો હાઇડ્રોજન પાણીના વિદ્યુત વિચ્છેદન દ્વારા મેળવવામાં આવે છે. સૌથી નિર્ણાયક બાબત એ છે કે આ પ્રક્રિયા સંપૂર્ણપણે નવીનીકરણીય ઉર્જા દ્વારા સંચાલિત છે, તેથી તે વાતાવરણમાં કોઈ પ્રદૂષિત ઉત્સર્જન ઉત્પન્ન કરતી નથી અને તે સૌથી સ્વચ્છ અને ટકાઉ હાઇડ્રોજન છે.

રિન્યુએબલ હાઇડ્રોજન પણ કહેવાય છે, લીલો હાઇડ્રોજન પાણીના વિદ્યુત વિચ્છેદન દ્વારા મેળવવામાં આવે છે. સૌથી નિર્ણાયક બાબત એ છે કે આ પ્રક્રિયા સંપૂર્ણપણે નવીનીકરણીય ઉર્જા દ્વારા સંચાલિત છે, તેથી તે વાતાવરણમાં કોઈ પ્રદૂષિત ઉત્સર્જન ઉત્પન્ન કરતી નથી અને તે સૌથી સ્વચ્છ અને ટકાઉ હાઇડ્રોજન છે.

એક્તરફ ભારતે વીતેલી સિઝનમાં પેટ્રોલમાં ૧૨ ટકા ઇથેનોલ વાપરવાનાં લક્ષ્યાંકને સિધ્ધ કર્યું છે ત્યાં જ હવે પાણીપતમાં ઇન્ડિયન ઓઇલ દ્વારા ૧૦ કેટીએ (૮૦ મેગા વોટ) ક્ષમતા ધરાવતો પ્લાન્ટ કાર્યરત થઈ રહ્યો હોવાથી દેશમાં એનર્જી સેક્ટરમાં ક્રાંતિ જોવા મળશે. ભારતમાં આ અત્યાર સુધીનું પ્રથમ સાહસ છે. જેના કારણે હવે મેઈક ઈન ઈન્ડિયા રેફરન્સ ફ્યુલનો યુગ શરૂ થશે. ગ્રીન હાઇડ્રોજનનાં ઉત્પાદનથી ભારતની ક્રૂડતેલની આયાતમાં પણ ઘટાડો જોવા મળશે. સરકાર આ સિધ્ધીને

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

આત્મનિર્ભર ભારતની દિશામાં હરણફાળ ગણે છે. ભારતની ઇન્ડિયન ઓઇલ કંપનીનાં સંશોધકોએ તૈયાર કરેલું આ ફ્યુલ આંતરરાષ્ટ્રિય માપદંડો ધરાવે છે. અને વિશ્વમાં અમુક દેશો જ આ પ્રકારનો ગ્રીન હાઈડ્રોજન બનાવી શકે છે.

કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે હાલમાં દેશની એનર્જી સુરક્ષા માટે બહુહેતુક વ્યૂહરચના અમલમાં મુકી છે. જેમાં ભારતને ૨૦૪૭ સુધીમાં એનર્જી ક્ષેત્રે સ્વાવલંબી બનાવવાનું લક્ષ્યાંક છે. આ વ્યુહરચનામાં એનજીના પુરવઠાના સ્ત્રોત બદલવા, સ્થાનિક સ્તરે એનર્જીનું ઉત્પાદન વધારવું, અનર્જીના નવા વિકલ્પો ઉભા કરવા તથા ગેસ, ગ્રીન હાઈડ્રોજન તથા ઈવી જેવા માધ્યમોથી દેશમાં પેટ્રોલ ખ્વત્ત અને ક્રૂડતેલનો વપરાશ ઘટાડવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. તાજેતરમાં દિલ્હીમાં શરૂ કરાયેલી ગ્રીન હાઈડ્રોજન બસ સેવાનો ઉલ્લેખ

ગ્રીન હાઇડ્રોજન: એક વિકલ્પ જે ઉત્સર્જન ઘટાડે છે અને આપણા ગ્રહની સંભાળ રાખે છે

ગ્રહનું ડીકાર્બોનાઇઝિંગ એ ૨૦૫૦ માટે વિશ્વભરના દેશોએ નિર્ધારિત કરેલા ધ્યેયોમાંનું એક છે. આ હાંસલ કરવા માટે, હાઇડ્રોજન જેવા તત્વના ઉત્પાદનને ડીકાર્બોનાઇઝ કરવું, ગ્રીન હાઇડ્રોજનને જન્મ આપવો, તે ચાવીઓમાંની એક છે કારણ કે આ હાલમાં કરતાં વધુ માટે જવાબદાર છે. કુલ વૈશ્વિક ઝ્રંર ઉત્સર્જનનો ૨%. આ કેવી રીતે પ્રાપ્ત થાય છે અને આગામી દાયકાઓમાં તેની શું અસર થશે તે શોધો.

એક્તરફ ભારતે વીતેલી સિઝનમાં પેટ્રોલમાં ૧૨ ટકા ઇથેનોલ વાપરવાનાં લક્ષ્યાંકને સિધ્ધ કર્યું છે ત્યાં જ હવે પાણીપતમાં ઇન્ડિયન ઓઇલ દ્વારા ૧૦ કેટીએ (૮૦ મેગા વોટ) ક્ષમતા ધરાવતો પ્લાન્ટ કાર્યરત થઈ રહ્યો હોવાથી દેશમાં એનર્જી સેક્ટરમાં ક્રાંતિ જોવા મળશે. ભારતમાં આ અત્યાર સુધીનું પ્રથમ સાહસ છે. જેના કારણે હવે મેઈક ઈન ઈન્ડિયા રેફરન્સ ફ્યુલનો યુગ શરૂ થશે. ગ્રીન હાઇડ્રોજનનાં ઉત્પાદનથી ભારતની ક્રૂડતેલની આયાતમાં પણ ઘટાડો જોવા મળશે. સરકાર આ સિધ્ધીને આત્મનિર્ભર ભારતની દિશામાં હરણફાળ ગણે છે. ભારતની ઇન્ડિયન ઓઇલ કંપનીનાં સંશોધકોએ તૈયાર કરેલું આ ફ્યુલ આંતરરાષ્ટ્રિય માપદંડો ધરાવે છે. અને વિશ્વમાં અમુક દેશો જ આ પ્રકારનો ગ્રીન હાઈડ્રોજન બનાવી શકે છે.

કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે હાલમાં દેશની એનર્જી સુરક્ષા માટે બહુહેતુક વ્યૂહરચના અમલમાં મુકી છે. જેમાં ભારતને ૨૦૪૭ સુધીમાં એનર્જી ક્ષેત્રે સ્વાવલંબી બનાવવાનું લક્ષ્યાંક છે. આ વ્યુહરચનામાં એનજીના પુરવઠાના સ્ત્રોત બદલવા, સ્થાનિક સ્તરે એનર્જીનું ઉત્પાદન વધારવું, અનર્જીના નવા વિકલ્પો ઉભા કરવા તથા ગેસ, ગ્રીન હાઈડ્રોજન તથા ઈવી જેવા માધ્યમોથી દેશમાં પેટ્રોલ ખ્વત્ત અને ક્રૂડતેલનો વપરાશ ઘટાડવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. તાજેતરમાં દિલ્હીમાં શરૂ કરાયેલી ગ્રીન હાઈડ્રોજન બસ સેવાનો ઉલ્લેખ આનો પુરાવો છે ટૂંકમાં હવે નજીકના ભવિષ્યમાં પેટ્રોલ ડીઝલનો વપરાશ ધીમે ધીમે ઘટતો જશે અને ગ્રીન હાઈડ્રોજન નો ઉપયોગ વધતો જશે આમ આપણો દેશ ઉર્જા ક્ષેત્રે આત્મ નિર્ભળ બનશે.

ટી ૨૦ વર્લ્ડ કપમાં રોહિત-કોહલીની ઓપનિંગ, યશસ્વી-ગિલનું પત્તું કપાશે?

દુબે-પરાગને લઈને પણ ચર્ચા થઈ હતી, શિવમ, રિયાન પણ વિવાદમાં

મુંબઈ

આઈપીએલ ૨૦૨૪ પછી, ટી ૨૦ વર્લ્ડ કપ વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએ વચ્ચે કો-હોસ્ટિંગમાં રમાશે. આ અંગે ચર્ચાઓનું બજાર ગરમ બની રહ્યું છે. હાલમાં જ એક અહેવાલ સામે આવ્યો હતો કે થોડા દિવસો પહેલા ભારતીય ટીમના મુખ્ય કોચ રાહુલ દ્રવિડ, મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અને કેપ્ટન રોહિત શર્માએ ટી ૨૦ વર્લ્ડ કપ ટીમની પસંદગીને લઈને બેઠક કરી હતી. સંભવિત ટીમની પસંદગીની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ આ બેઠકને લગતા અહેવાલો પણ બહાર આવવા લાગ્યા છે. કેટલાક રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે પસંદગીકારો રોહિત શર્માની સાથે વિરાટ કોહલીને પણ ઓપન કરવા પર વિચાર કરી રહ્યા છે.અહેવાલો અનુસાર, અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ કોહલીને ઓપનર તરીકે ટીમમાં સામેલ કરવા માંગે છે.

દીપિકા પાદુકોણ બેબી બમ્પ સાથે એક્શન સીન શૂટ કરતી જોવા મળી

મુંબઈ,

દીપિકા પાદુકોણ ટુંક સમયમાં માતા બનશે.સપ્ટેમ્બર ૨૦૨૪માં તે બાળકને જન્મ આપશે આ માટે દીપિકા અને રણવીર બંન્ને ખુશ છે, પરંતુ અભિનેત્રી કામ કરી રહી છે.તેના કેટલાક ફોટો પણ વાયરલ થઈ રહ્યા છે. જે રોહિત શેટ્ટીની ફિલ્મ સિંઘમ અગેનના સેટના છે. આ ફોટોમાં અભિનેત્રી બેબી બમ્પ સાથે જોવા મળી રહી છે. જેને જોયા બાદ ચાહકો ખુબ ખુશ થયા છે.

રોહિત શેટ્ટીની ડાયરેક્ટેડ ફિલ્મ સિંઘમ અગેનમાં દીપિકા પાદુકોણ લેડી સિંઘમના રુપમાં જોવા મળશે. જેનો લુક ૨૦૨૩માં જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં તે લોહીથી લથપથ પોલિસની જર્સીમાં જોવા મળી રહી છે. હવે તે ફરી એક વખત પોલિસની જર્સીમાં જોવા મળી રહી છે સાથે રોહિત શેટ્ટી પણ જોવા મળી રહ્યો છે.

ક્રિકેટમાં શ્રેયસને બેવડો ફટકો, BCCIએ તેના પર ૧૨ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો



મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪માં ૩૧મી મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં કોલકાતા નાઈટ રાઈઝર્સ ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં તેની ટીમ ૨૨૩ રન બનાવ્યા બાદ પણ હારી ગઈ હતી.કેકેઆરના કેપ્ટન શ્રેયસ અય્યર માટે આ હાર પચાવવી ખૂબ જ મુશ્કેલ હતી, આ દરમિયાન બીસીસીઆઈએ તેને વધુ એક મોટો ઝટકો આપ્યો છે. જેના કારણે તેને બેવડું નુકસાન વેઠવું પડે છે.

કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાયેલી આ મેચ બાદ બીસીસીઆઈએ તેના પર ૧૨ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન શ્રેયસ અય્યરને મંગળવારે ઈડન ગાર્ડન્સ ખાતે રાજસ્થાન રોયલ્સ સામેની ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની મેચ દરમિયાન ધીમી ઓવર રેટ જાળવવા બદલ તેની ટીમને ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. ન્યૂનતમ ઓવર રેટના ગુનાઓ સંબંધિત આઈપીએલ આચાર સંહિતાનો ભંગ કરવા બદલ અય્યરને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

પ્રતિક ગાંધી હંસલ મહેતાની સીરિઝ ગાંધીમાં મહાત્મા ગાંધીની ભૂમિકા નિભાવતો જોવા મળશે

મુંબઈ,

અનેક એવી ફિલ્મો હશે. જેમાં બોલિવુડનું રિયલ કપલ રીલ લાઈફમાં પતિ -પત્નીની ભુમિકામાં સાથે જોવા મળ્યા હોય અને આ ફિલ્મ હિટ પણ ગઈ હોય. ત્યારે ગુજરાતી સિનેમાનું એક કપલ એટલે પ્રતિક ગાંધી અને ભામિની ઓઝા બંન્ને સાથે વેબ સિરીઝમાં સાથે જોવા મળશે. અભિનેતા પ્રતિક ગાંધી હાલમાં ખુબ ચર્ચામાં છે. તેની ફિલ્મ દો ઔર દો પ્યાર રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં પ્રતિક ગાંધી બોલિવુડ અભિનેત્રી વિદ્યા બાલન સાથે જોવા મળશે. આ સિવાય પ્રતિક ગાંધી ટુંક સમયમાં આવનારી હંસલ મહેતાની સીરિઝ ગાંધીમાં મહાત્મા ગાંધીની ભૂમિકા નિભાવતો જોવા મળશે. સીરિઝ "ગાંધી"માં વધુ એક ખાસ વાત છે પ્રતિક ગાંધી આ સિરીઝમાં તેમની પત્ની ભામિની ઓઝાની સાથે પહેલી વખત 'ગાંધી'માં સ્ક્રીન શેર કરશે. પ્રતિક ગાંધી અને ભામિની ઓઝા રિયલ લાઈફમાં પતિ - પત્ની છે. હંસલ મહેતાની સીરિઝ 'ગાંધી'માં ભામિની કસ્તુરબાની ભુમિકામાં જોવા મળશે. ભામિનીએ આ વિષય પર વાત કરતા કહ્યું કે, મારા માટે આ કોઈ સપનાથી ઓછું નથી. મારું સપનું સાચું થઈ રહ્યું છે. હું અને પ્રતિક એક સાથે એક સીરિઝમાં અને એ પણ પતિ-પત્નીની ભૂમિકા નિભાવશું. તમને જણાવી દઈએ કે, પ્રતિક ગાંધી એક ગુજરાતી અભિનેતા છે પરંતુ તેમણે ખુબ ઓછા સમયમાં બોલિવુડમાં મોટું નામ કમાયું છે. જીજ્ઠદ્ધ ૧૯૯૨થી પ્રતિક ગાંધી ખુબ ફેમસ થયો હતો. ત્યારબાદ એક બાદ એક બોલિવુડની હિટ ફિલ્મો તેમજ સિરીઝ આપી રહ્યો છે. આ પહેલા કપલ એક શોર્ટ ફિલ્મમાં સાથે કામ કરી ચૂક્યા છે.

"સમુદ્ર વેચાણ માટે નથી" ના સૂત્ર હેઠળ ગ્રીસમાં આંતરરાષ્ટ્રીય મહાસાગર પરિષદમાં દરિયાઈ જીવસૃષ્ટિના રક્ષણ માટે ૬ હજાર કરોડની યોજનાઓ

એથેન્સ

ગ્રીસના એથેન્સમાં આંતરરાષ્ટ્રીય મહાસાગર પરિષદમાં જૈવવિવિધતા અને દરિયાઈ જીવસૃષ્ટિના રક્ષણ માટે ૬ હજાર કરોડથી વધુ કિંમતનો યોજનાઓની જાહેરાત કરવાની સાથે બે મોટા દરિયાઈ ઉદ્યાનો બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ પરિષદમાં ભાગ લેનાર પર્યાવરણીય સંસ્થાઓએ પર્યાવરણ સંરક્ષણ માટે મજબૂત પ્રતિબદ્ધતાઓ માટે હાકલ કરી છે અને "સમુદ્ર વેચાણ માટે નથી" ના સૂત્ર હેઠળ, ગ્રીનપીસે એથેન્સમાં અવર ઓશન કોન્ફરન્સમાં હાજરી આપતા નેતાઓને વિશ્વના દરિયાઇ પર્યાવરણને બચાવવા માટે નક્કર પગલાં લેવા વિનંતી કરી છે.

ગ્રીસમાં ગ્રીનપીસના વડા નિકોસ ચરાલામ્બિડિસે જણાવ્યું હતું કે કોન્ફરન્સમાં દુનિયાની સરકારો માટે અત્યાર સુધી જે કહ્યું છે તેના માટે પોતાને અભિનંદન આપવાની જગ્યાએ આપણા સમુદ્રની લૂંટને રોકવા માટે ગંભીર પગલાં અને કાર્ય યોજનાઓ રજૂ કરવામાં આવે. સમુદ્રના રક્ષણ વગર પર્યાવરણનું રક્ષણ શક્ય નથી. સરકારોએ દરિયાઈ વાતાવરણમાં ઊર્જા સંશોધન જેવી પર્યાવરણીય રીતે હાનિકારક પ્રથાઓને મંજૂરી ના આપવી જોઈએ. હાનિકારક માછીમારી પ્રથાઓ પર પ્રતિબંધ એ દરિયાઈ સુરક્ષા માટેનો પહેલો અભિગમ બને તે જરૂરી છે તેનાથી જ મહાસાગરોમાં આબોહવાની કટોકટીનો ઉકેલ આવશે.

દરિયાયી યુદ્ધો અને પ્લાસ્ટિક પ્રદૂષણ દ્વારા પહેલેથી જ જોખમમાં રહેલી સામુદ્રિક જીવસૃષ્ટિ ભવિષ્યમાં નષ્ટ થવાની સંભાવનાઓને નકારી શકાય નહિ તે સ્તરે પહોંચેલી પરીસ્થીમાં આવી પરિષદથી શું પરિણામ પ્રાપ્ત થશે તે તો આવનારો સમય જ બતાવશે.

રિલીઝ પહેલાં જ 'પુષ્પા ૨'એ ૩.૧૬૦ કરોડની કરી કમાણી

મુંબઈ,

અલ્લુ અર્જુન 'પુષ્પા ૨'નું શૂટિંગ પૂર્ણ કરવામાં ખૂબ વ્યવસ્ત છે. ડાયરેક્ટર સુકુમાર ૧૫ ઓગસ્ટે સિનેમાઘરોમાં મોટી રિલીઝની તૈયારી કરી રહ્યા છે. જોકે, ફિલ્મને ખૂબ સિક્રેટ રાખવામાં આવી છે. નવા રિપોર્ટ્સ પ્રમાણે મેકર્સે છ મિનિટનાના સીનને શૂટિંગ કરવા માટે લગભગ ૬૦ કરોડ રુપિયાનો ખર્ચ કર્યો છે અને આ સીનને પૂરો કરવામાં લગભગ ૩૦ દિવસનો સમય લાગ્યો હતો. સૂત્રોના કહેવા પ્રમાણે આ સીનમાં ગંગમ્મા, જથારા અને એક લડાઈને દેખાડાઈ છે. આ દરમિયાન એવા પણ અહેવાલ છે કે 'પુષ્પા ૨'નું બજેટ રૂપિયા ૫૦૦ કરોડ છે. નિર્માતાઓએ વિશ્વભરના મ્યુઝિક રાઇટ્સ અને હિન્દી સેટેલાઇટ રાઇટ્સ ટી-સીરીઝને રુપિયા ૬૦ કરોડમાં વેચી દીધા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સ્ટારે તેલુગુ સેટેલાઇટ્સ પણ ખરીદી લીધા છે.

વિરાટ કોહલીએ જો ચાર ઓવર ફેંકી હોત તો વધારે રન ન આપ્યા હોત : શ્રીકાંત

મુંબઈ,

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર કે. હાલમાં ચાલી રહેલી આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ખરાબ પ્રદર્શનથી શ્રીકાંત નિરાશ છે. તેણે કહ્યું છે કે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી રેકોર્ડબ્રેક મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે આરસીબીના બોલરોનું પ્રદર્શન જોઈને તે દુઃખી થયો હતો. સોમવારે, આરસીબીને એસઆરએચ સામે ૨૫ રને હારનો સામનો કરવો પડ્યો, જે સાત મેચોમાં તેમની છઠ્ઠી હાર છે.

શ્રીકાંતે આરસીબી પર નિશાન સાધ્યું અને કહ્યું કે તેઓએ ફક્ત ૧૧ બેટ્સમેનોને જ મેદાનમાં ઉતારવા જોઈએ, ખાસ કરીને જ્યારે તેઓ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમે છે. શ્રીકાંતે એમ પણ કહ્યું કે મેચમાં ૨૮૭ રન આપનાર કરતા વિરાટ કોહલી વધુ સારી બોલિંગ કરી શક્યો હોત.

શ્રીકાંતે યુટ્યુબ શોમાં કહ્યું - રીસ ટોપલીને મારવામાં આવી રહ્યો છે. લોકી ફર્ગ્યુસનને માર મારવામાં આવી રહ્યો હતો. તેણે આઈપીએલમાં સારું પ્રદર્શન કર્યું નથી. ફર્ગ્યુસને કોલકાતાથી બેંગલુરુ સુધીનો પ્રવાસ કર્યો છે. વિલ જેક્સ તેમનો શ્રેષ્ઠ બોલર હતો. જો તેઓ ૧૧ બેટ્સમેન રમે તો સારું રહેશે. ફાફ ડુ પ્લેસિસને બે ઓવર નાખવા માટે કહો. કેમેરોન ગ્રીનને ચાર ઓવર આપો. મને લાગે છે કે વિરાટ કોહલીએ જો ચાર ઓવર ફેંકી હોત તો આટલા રન ન આપ્યા હોત. વિરાટ કોહલી સારો બોલર છે.

અમિતાભને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે



મુંબઈ,

છેલ્લા ૩૪ વર્ષથી માસ્ટર દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠા સંસ્થાન ફિલ્મ, સમાજ, કલા વગેરે ક્ષેત્રો સાથે જોડાયેલા લોકોનું સન્માન કરે છે. આ વર્ષનો લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ બોલિવૂડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનને ૨૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ માસ્ટર દીનાનાથ મંગેશકરની ૮૨મી પુણ્યતિથિએ આપવામાં આવશે. રણદીપ હુડાને આ વર્ષે માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ (સ્પેશિયલ એવોર્ડ)થી પણ સન્માનિત કરવામાં આવશે.

નોંધનીય છે કે છેલ્લા ૩૪ વર્ષથી મંગેશકર પરિવાર માસ્ટર દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓનું સન્માન કરે છે. સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૨૦૦ લોકોનું સન્માન કરવામાં આવ્યું છે. આ વર્ષે અભિનેતા અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ આપવામાં આવશે.

માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ- એ. આર રહેમાન (લાંબી સંગીત સેવા), મોહન વાળા એવોર્ડ - ગાલિબ નાટક (ઉત્તમ ડ્રામેટિક પ્રોડક્શન ૨૦૨૩-૨૩), આનંદમયી એવોર્ડ - દીપસ્તંભ ફાઉન્ડેશન મનોબલ, માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ - પદ્મિની કોલ્હાપુરે (લાંબી ફિલ્મ સેવા), માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ - રૂપ કુમાર રાઠોડ (લાંબી સંગીત સેવા), માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ- રણદીપ હુડા (ઉત્તમ ફિલ્મ નિર્માણ) વગેરેને વિશેષ પુરસ્કાર. આ વર્ષે આ સન્માન લગભગ ૧૧ લોકોને આપવામાં આવશે.

હૃદયનાથ મંગેશકરે કહ્યું, 'માસ્ટર દીનાનાથ એક મહાન ગાયક, સંગીતકાર અને થિયેટર કલાકાર હતા. સ્ટેજ કલાકારમાં તેમનું યોગદાન અજોડ હતું.

૯૦ના દાયકામાં અભિનેત્રીઓને પોતાની કારકિર્દીની યોજના બનાવવાની તક મળતી ન હતી : રવિના ટંડન

મુંબઈ,

અભિનેત્રી રવિના ટંડન તેની સ્પષ્ટવક્તા શૈલી માટે જાણીતી છે. તે ઘણીવાર ઘણા મુદ્દાઓ પર ખુલ્લેઆમ તેના વિચારો વ્યક્ત કરે છે. તેઓ ૯૦ના દાયકામાં સિનેમા જગતમાં પ્રખ્યાત હતા. તેણે ઘણી હિટ ફિલ્મો આપી છે. તાજેતરમાં રવીનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી કેટલીક ચોંકાવનારી વાતો શેર કરી છે.

રવિના ટંડને ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેણે ૯૦ના દાયકામાં ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો હતો. તે સમયે તેણે એક ધારણા સામે લડવું પડ્યું. તેણીને ફિલ્મોમાં સ્ટીરિયોટાઇપ કરવામાં આવી રહી હતી. તેણે કહ્યું કે ૯૦ના દાયકામાં સ્થિતિ એવી હતી કે અભિનેત્રીઓને પોતાની કારકિર્દીની રણનીતિ બનાવવાની તક મળતી ન હતી. અભિનેત્રીઓને તેમનું કામ પસંદ કરવાની બહુ ઓછી સ્વતંત્રતા હતી.

રવીનાએ કહ્યું કે જ્યારે અમારું કરિયર શરૂ થયું ત્યારે અમે એક-બે ફિલ્મોમાં કામ કર્યું ન હતું. અમે એકસાથે ૧૦ થી ૧૨ ફિલ્મો કરતા હતા. કેટલીક ફિલ્મો વિશે એવું કહેવામાં આવતું હતું કે જો તેમાં કોઈ મોટા અભિનેતા અને મોટા દિગ્દર્શક હશે તો ફિલ્મ સુપરહિટ સાબિત થશે. એ જમાનામાં ફિલ્મોને લઈને બહુ પસંદગી નહોતી.

રવિના ટંડને કહ્યું કે તે દિવસોમાં અભિનેત્રીઓને વધારે પૈસા મળતા ન હતા. જે રકમ એક હીરો એક ફિલ્મમાંથી કમાઈ લેતી હતી, એટલી એક અભિનેત્રી ૧૫ થી ૧૬ ફિલ્મોમાં કામ કર્યા પછી જ કમાઈ શકતી હતી. સ્ટીરિયોટાઈપિંગનું કારણ સમજાવતા તેમણે કહ્યું કે આવું એટલા માટે થયું કારણ કે અમને પોતાને સ્થાપિત કરવામાં સમય લાગ્યો હતો. જ્યારે તે ફિલ્મો રિલીઝ થવા લાગી, જેમાં છ સુપરહિટ ગીતો અને એક જ દ્રશ્યો હતા, ત્યારે આવી વધુ ફિલ્મોમાં કામ દેખાવા લાગ્યું.

કોહલીથી માંડીને ગેલ સુધી... બટલરની તોફાની સદીથી અનેક રેકોર્ડ ધ્વસ્ત થયા

મુંબઈ,

ટી૨૦ ક્રિકેટના એકદમ વિસ્ફોટક બેટ્સમેનોમાં સામેલ જોસ બટલરે આઈપીએલ ૨૦૨૪ માં બીજી સદી ફટકારતાં રાજસ્થાન રોયલ્સને કેકેઆર વિરૂદ્ધ ૨ વિકેટથી જીત અપાવી. ઈડન ગાર્ડન્સમાં થયેલા આ ૩૧મા મુકાબલામાં કેકેઆરે પહેલાં બેટીંગ કરતાં સુનીલ નરેનની સદીના દમ પર નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૨૩ રનનો મોટો સ્કોર ઉભો કર્યો હતો. ટાર્ગેટનો પીછો કરતાં રાજસ્થાને અંતિમ બોલ પર જીત નોંધાવી. જોસ બટલરના બેટ વડે વિનિંગ રન નિકળ્યા. બટલરે ૬૦ બોલમાં ૧૦૭ રનની અણનમ ઈનિંગ રમી. આ સદી સાથે જ તેમણે ઘણા મોટા રેકોર્ડ પોતાના નામે કરી દીધા. બટલરની આ આઈપીએલમાં ૭મી સદી છે. તો બીજી તરફ સીઝનમાં તેમની આ બીજી સદી છે. આ સાથે જ બટલરે ક્રિસ ગેલને સૌથી વધુ આઈપીલ સદીના મામલે પાછળ છોડી દીધો છે. ક્રિસ ગેલે આઈપીલમાં ૬ સદી ફટકારી હતી. બટલર આ સદી સાથે લિસ્ટમાં વિરાટ કોહલી બાદ બીજા નંબર પર આવી ગયા છે. કોહલી આઈપીએલમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટસમેન છે. આઈપીલ ૨૦૨૪ માં ફટકારેલી એક સદી સાથે કોહલી અત્યાર સુધી લીગમાં ૮ સદી ફટકારી છે.

ભગવાનશ્રી સ્વામીનારાયણના ૨૪૩માં પ્રાગટયની ધાર્મિક ભકિતસભર ઉજવણી

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ ભગવાનશ્રી સ્વામી નારાયણના અને સંતોના આશિર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી

રાજકોટ

શહેરના ગોંડલ રોડ અને ઢેબર રોડ ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળમા ભગવાનશ્રી સ્વામિ નારાયણના ૨૪૩ માં પ્રાગટયના ધાર્મિક ઉત્સવની ભકિતસભર ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપીને ભગવાનશ્રી

સ્વામિનારાયણની પુજા–અર્ચના અને દર્શન કરીને આશિર્વાદ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે ગુરૂકુળના વડીલ સંતોશ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ રૂપાલાજીને ફુલહાર પહેરાવીને આર્શીવાદ આપ્યા હતા. આ પ્રાગટય ઉત્સવ પ્રસંગે ભગવાન સ્વામિનારાયણની ચરિત્ર કથા, રૂપક, નૃત્ય, સહિત ધાર્મિક અને સાંસ્કૃતિક ભકિતસભર કાર્યક્રમો યોજાયા હતા. આ તકે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ ટીલાળા, ખેડુત અગ્રણી અને સત્સંગી ચેતનભાઈ રામાણી, મનીષભાઈ ભટ્ટ, ગુરૂકુળના ટ્રસ્ટીઓ ધીરૂભાઈ બાબરીયા, વસંતભાઈ લીંબાસીયા, શિવલાલભાઈ ભંડેરી, વલ્લભભાઈ લીંબાશીયા, ભરતભાઈ ભુવા, કાંતિલાલ ગજેરા, પ્રેમજીભાઈ ભોરણીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા.

રાજકોટના સાજન યાદવને કર્યા એવોર્ડ અને સર્ટિફિકેટથી સન્માનિત

ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ રમણ-૨ માં રાજકોટના સાજન કરસનભાઈ યાદવનું શ્રેષ્ઠ પ્રેઝન્ટેશન હોવાથી વિજેતા

રાજકોટ

નિરમા યુનિ.અમદાવાદના ફિઝિક્સ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા બીજી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ રીસેન્ટ એડવાન્સમેન્ટ ઈન મટીરીયલ સાયન્સ એન્ડ નેનોટેકનોલોજી યોજવામાં આવી હતી જેમાં રાજકોટના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિક્સના રિસર્ચ સ્કોલર મિસ્ટર સાજન યાદવ, ડોક્ટર આશિષ રાવલિયાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ ઈન્વેસ્ટિગેશન ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઓપ્ટિકલ પ્રોપર્ટીઝ ઓફ મોનો લેયર ફોર એનર્જી એફિશિયન્સી વિષયના

રિસર્ચનું ઓરલ પ્રેઝન્ટેશન કરેલ જેમાં તેઓ વિજયતા થયા હોવાથી એવોર્ડ અને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા છે

શ્રીલંકાના પૂર્વીય પ્રાંતના ગવર્નર સેન્થિલ થોન્ડટમન રાજકોટમાં : મ્યુલઝિયમ નિહાળ્યું

કબા ગાંધીનો ડેલો સહિતના ઐતિહાસિક સ્થળો નિહાળી પ્રભાવિત થયા

રાજકોટ,

શ્રીલંકાના પૂર્વીય પ્રાંતના ગવર્નરશ્રી સેન્થિ લ થોન્ડરમન રાજકોટની મુલાકાતે પધાર્યા હોઈ તેઓએ અહીંની ઐતિહાસિક સાંસ્કૃતિક ધરોહરને નજદીકથી જાણવા અને નિહાળવાનો લાભ લીધો હતો. ગવર્નરશ્રી સેન્થિલ થોન્ડરમનએ જયુબિલિ ગાર્ડન સ્થિત વોટ્સીન મ્યુઝિયમની મુલાકાત લઈ અહીં સંગ્રહિત પુરાતત્વીય, જૂની વિરાસત, લોક સાંસ્કૃતિક ધરોહરને રસપૂર્વક નિહાળી હતી. વોટ્સલન મ્યુઝિયમના ક્યુરેટર શ્રી

સંગીતાબેન રામાનુજ તેમજ સહાયક પુરાતત્વવ નિયામકશ્રી સિધ્ધાસબેન શાહે મ્યુનઝિયમ સ્થિળત કૃતિઓનું મહત્વઈ સમજાવ્યું હતું. અહીં તેઓએ વી.આર. ના માધ્યમથી ખંભાલીડા બૌદ્ધ ગુફાઓની વર્ચ્યુ અલ ટુર કરી હતી. શ્રી સેન્થિલ થોન્ડહમને ગાંધીજીના જીવન કવનને પ્રદર્શિત કરતા રાજકોટના પ્રખ્યા ત ગાંધી મ્યુવઝિયમની પણ મુલાકાત લીધી હતી. તેઓએ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરવી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. તેમણે મ્યુઝિયમના વિવિધ કેન્દ્રોની મુલાકાત લઈ ક્રમોહનથી મહાત્મા ની સફરદ્વને ઓડિયો વિઝ્યુપઅલ માધ્યમમથી રસપૂર્વક માણી હતી. આ સાથે ગાંધીજીનો બચપણથી કિશોરાવસ્થાદિરમ્યા ન જે જગ્યાયએ ઉછેર થયેલો તે કબા ગાંધીના ડેલાની મુલાકાત લઈ તેઓ અત્યંત પ્રભાવિત થયા હતાં.

ગવર્નરશ્રી સેન્થિથલની સાથે આદિજાતિ વિભાગના મદદનીશ કમિશનરશ્રી અમિરાજ ખાવડ, રાજકોટ પૂર્વ વિભાગના મામલતદારશ્રી એસ.જી.ચાવડા વગેરેએ ઉપસ્થિશત રહી તેઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હિતું

ઓખા-દિલ્હી, સરાઈ - રોહિલ્લા વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડશે : આજથી બુકીંગ

રાજકોટ,

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે ઓખા-દિલ્હી સરાય રોહિલા વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવશે. ટ્રેન નંબર ૦૯૫૨૩/૦૯૫૨૪ ઓખા-દિલ્હી સરાઈ રોહિલ્લા સુપરફાસ્ટ સ્પેશિયલ(૨૦ ટ્રીપ્સ)ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા - દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ૨૩ એપ્રિલ ૨૦૨૪ થી ૨૫ જૂન ૨૦૨૪ સુધી દર મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે ઓખાથી ઉપડશે, તેજ દિવસે ૧૪.૪૦ કલાકે રાજકોટ પહોંચશે અને બીજા દિવસે સવારે ૧૦.૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલા પહોંચશે.તેવી જ રીતે

ટ્રેન નંબર ૦૯૫૨૪ દિલ્હી સરાય રોહિલ્લા-ઓખા સ્પેશિયલ ૨૪ એપ્રિલ ૨૦૨૪ થી ૨૬ જૂન ૨૦૨૪ દરમિયાન દર બુધવારે બપોરે ૧૩.૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલ્લાથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૯.૦૦ કલાકે રાજકોટ અને બપોરે ૧૩.૫૦ કલાકે ઓખા પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, ઊંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઇ, અલવર. અને રેવાડી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ ના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૫૨૩નું બુકિંગ ૧૯એપ્રિલ, ૨૦૨૪થી તમામ કાઉન્ટર અને વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે. સ્ટોપેજના સમય અને બંધારણ અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો વેબસૈતની મુલાકાત લઈ શકે છે.

ગુજરાત બાર કાઉન્સીલના કો-ઓપ્ટ મેમ્બર તરીકે રાજકોટના યુવા એડવોકેટ સુમિત વોરાની નિમણુંક

રાજકોટ,

રાજકોટ શહેરના જાણીતા ધારાશાસ્ત્રી. રેવન્યુ, સીવીલ કોર્ટના નિષ્ણાંત અને સ્વ. અભયભાઈ ભારદ્વાજ તથા જયદેવભાઈ શુકલના જુનીયર શ્રી સુમીતભાઈ વોરાની બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના કોપ્ટ મેમ્બર તરીકે નીમણુક થતા રાજકોટ શહેરના રેવન્યુ બાર એસો., નોટરી બાર એસો., રાજકોટ બાર એસો. મહિલા બાર એસો. ક્રિમીનલ બાર એસોના એડવોકેટો તેમજ તેમના શુભેચ્છકો, સામાજીક સંસ્થાઓ, વેપારીઓ દ્વારા તેમના અભીનંદનની વર્ષા થઈ રહેલ છે.

રાજકોટ બાર કાઉન્સીલના મેમ્બર દીલીપભાઈ પટેલ, નોટરી બાર એસો.ના પ્રકાશસિંહ ગોહીલ, હસમુખ જોષી, યોગેશ ઉદાણી, ભરતભાઈ આહયા, રેવન્યુ બાર એસો.ના રમેશભાઈ કથીરીયા, વિજયભાઈ તોગડીયા, નૈમિષ પટેલ, આનંદ જોષી, રાજુભાઈ પરસાણા, રજનીભાઈ પટેલ, મનુભાઈ પટેલ, પરેશભાઈ પાદરીયા સહિતના અગ્રણીઓ તથા ક્રિમીનલ બાર એસો.ના તુષારભાઈ બસલાણી, હેમાંગભાઈ જાની, રાજકુમાર હેરમા, હીતુભા જાડેજા, એન.ડી. ચાવડા સહીતનાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

વિધાનસભા-૭૦ના સમાવિષ્ટ વોર્ડમાં મોદી પરિવાર સભા યોજાઈ : માર્ગદર્શન આપતા રમેશભાઈ ટીલાળા

રાજકોટ

રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ. તે અંતર્ગત વિધાનસભા–૭૦માં સમાવિષ્ટ વોર્ડમાં મોદી પરિવાર સભા સંપન્ન થયેલ છે. જેમાં વોડ–૧૮માં પુરૂષાર્થ સોસાયટી, વોર્ડ–૧૪માં કોઠારીયા કોલોની અને વોર્ડ–૧૪ જનસંપર્ક કાર્યાલય, ભકિતનગર સર્કલ પાસે, વોર્ડ–૧૩માં શકિતનગર, સ્વામીનારાયણ ચોક પાસે, વોર્ડ–૭માં જૈન ચાલ(ગોંડલ રોડ) ખાતે, વોર્ડ–૮માં રાધાનગર સહિતના વિસ્તારોમાં મોદી પરિવાર સભા યોજાઈ હતી.

જેમાં વિવિધ વોર્ડમાં વિધાનસભા–૭૦ના ધારાસભ્ય

રમેશભાઈ ટીલાળા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ સહીતનાએ સંબોધન કરી મોદી સરકારની ૧૦ વર્ષની સિધ્ધીઓ વર્ણવી, કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડતા 'મોદી પરિવાર' સભામાં જનતા જનાર્દનના પ્રચંડ જનસમર્થન સાથે વિજય પ્રાપ્ત કરવા અને દેશનો દરેક નાગરિક વિકાસના પથ પર આગળ વધી આવનારા સમયમાં 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા ઈચ્છે છે ત્યારે જન કલ્યાણનો એક જ વિકલ્પ, મોદી સરકાર, આ વખતે ૪૦૦ ને પારના વિજયલક્ષી સંકલ્પને સાકાર કરી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું .

આ તકે વિવિધ વોર્ડમાં શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, ભાજપ અગ્રણી કશ્યપભાઈ શુકલ, કોર્પોરેટર નેહલ શુકલ, નરેન્દ્રભાઈ સોલંકી (નરેન્દ્રબાપુ) , પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, પ્રવિણભાઈ નીમાવત, મોદી પરિવાર સભાના શહેરના સંયોજક અશ્વીનભાઈ પાંભર, જીજ્ઞેશ જોષી, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા તેમજ સ્થાનીક આગેવાનો વોર્ડન સંગઠનના હોદેદારો, શિક્ષણ સમિતિ સદસ્યો, બુથના બુથવાલી–પ્રમુખ, ઈન્ચાર્જ, સહઈન્ચાર્જ, શકિતકેન્દ્ર સંયોજક,પ્રભારી, વિવિધ મોરચાના હોદેદારો તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ સહીતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

ઉમીયા પરિવારની સંસ્થાઓ આયોજિત ધાર્મિક કાર્યક્રમમાં પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ

રાજકોટ

શહેરના સ્પીડવેલ પાર્ટી પ્લોટ ખાતે રાજકોટના ઉમીયા પરિવારની સંસ્થાઓ કલબ યુવી અને કેપીએસ કલબ ધ્વારા રાઘવ અને માધવ સુધી અંગેના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપી હતી. આ તકે ઉમીયા પરિવારની સંસ્થાઓ ધ્વારા પરશોતમભાઈ રૂપાલાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, મનીષભાઈ ભટ્ટ, સંસ્થાના ટ્રસ્ટીઓ, આગેવાનો સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

ઓ.બી.સી. પરિવાર મહાસંમેલનમાં પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ

મોદીના વડપણવાળી કેન્દ્ર સરકારે લોકકલ્યાણકરી યોજનાઓનું સુદૃઢ અમલીકરણ કરીને નબળા વર્ગના લોકોની મુશ્કેલીઓ ઓછી કરીને તેમનું જીવનધોરણ સરળ અને સુવિધાયુકત બનાવ્યું છે : પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં શહેરના હેમુ ગઢવી હોલ ખાતે બક્ષીપંચ સમાજ શ્રેષ્ઠીઓ આયોજિત સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ તકે કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, રાજયના પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ભાજપ અગ્રણી કરણાભાઈ માલધારી, શહેર ભાજપ બક્ષીપંચ મોરચા પ્રમુખ લલીતભાઈ વાડોલીયા, મહામંત્રી ઉમેશભાઈ ધામેચા(જે.પી.), બાબુભાઈ માટીયા, મોહનભાઈ વાડોલીયા, સંજય ચાવડા સહિતના ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં ઉદબોધન કરતાં પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને અંત્યોદય કલ્યાણના વિચારોને લઈને મા ભારતીની સેવામાં સંપૂર્ણ સમર્પિત એવી ભારતીય જનતા પાર્ટી આગામી લોકસભા ચૂંટણીમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સતત ત્રીજી વખત જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત કરશે તેવો નિર્ધાર વ્યકત કરતાં

જણાવેલ હતું કગત વર્ષે બક્ષીપંચ સમાજના સર્વાગિ વિકાસ માટે નરેન્દ્રભાઈ મોદી ધ્વારા 'વિશ્વકર્મા સહાય યોજના' લોન્ચ કરાઈ હતી. જેને ઓબીસી સમાજમાંથી વ્યાપક સમર્થન મળેલ. તેમણે આ તકે બક્ષીપંચ સમાજના વિવિધ આગેવાનોને આગામી લોકસભા ચૂંટણીમાં મોટી સંખ્યામાં ભાજપ તરફે મતદાન કરીને ભાજપને ત્રીજી ટર્મ માટે જંગી બહુમતીથી ચૂંટી કાઢવા અપિલ કરી હતી. આ તકે રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકારની વિવિધ સમાજ કલ્યાણની યોજનાઓ ની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ બક્ષીપંચ સમાજ એક થઈ ભાજપના સમર્થનમાં બહોળી સંખ્યામાં મતદાન કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'નયા ભારત' ના સંકલ્પને ચરિતાર્થ કરવા હાકલ કરી હતી. આ તકે કરણાભાઈ માલધારીએ ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરતા પ્રેરક ઉદબોધન કરેલ હતું. આ તકે લુહાર સમાજમાંથી સાગરભાઈ પરમાર, કાંતીભાઈ આસોડીયા, તેમજ બક્ષીપંચ સમાજ શ્રેષ્ઠીઓ દિવુભાઈ સુસરા, ખોડાભાઈ સેગલીયા, નિતીનભાઈ વાટલીયા તેમજ ધોબી સમાજ, કડીયા સમાજ, પ્રજાપતી સમાજના શ્રેષ્ઠીઓ , પદાધિકારીઓ, પ્રતિનિધિઓ, સંસ્થાના પ્રમુખો વિગેરેએ ઉપસ્થિત રહી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જંગી લીડથી ચુંટી કાઢવા સમર્થન જાહેર કરેલ હતું.

રવિવારે પ્લોટ સંઘના આંગણે આ. શ્રી યશોવિજયસૂરિજી મ. આદિની નિશ્રામાં મુમુક્ષુ જીમીતકુમાર દીક્ષા મહોત્સવ

શનિવારે મુમુક્ષુની વર્ષીદાન યાત્રા, રાત્રે સ્ટેજ પ્રોગ્રામ તા. ૨૧મીના દીક્ષાવિધિ

રાજકોટ,

રાજકોટ પ્રહલાદ પ્લોટ જૈન સંઘના આંગણે જૈન તત્વ દર્શનના ઉંડા અભ્યાસી, જિનશાસન પ્રભાવક આ.ભ. પૂ. શ્રી યશોવિજય સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે આગામી તા.૨૧ને રવિવાર-શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક દિને રાજકોટના મુમુક્ષુ જીમિતકુમાર માટલીયા વીર પ્રભુના પંથે પ્રયાણ કરી રહ્યાં છે. મુમુક્ષુ જીમિતકુમારના દીક્ષા મહોત્સવને અનુલક્ષીને તા.૧૯થી ૨૧ સુધી ધાર્મિક આયોજનો કરવામાં આવેલ છે.

આજે તા.૧૯ને શુકવારે પ્લોટ સંઘમાં સવારે ૯ થી ૧૧ શુક્રસ્તવ મહા અભિષેકનું આયોજન કરવામાં આવેલ છે. દીક્ષા મહોત્સવના મંગલ પ્રારંભે

પરમાત્માના વિશેષ અભિષેક છે. આ મંત્રોચ્ચાર ગર્ભિત સુર તાલના સંગે ભવ્ય અભિષેક થશે. શાંતિ અને સમાધિ ફેલાવનારા આ ખુબ પ્રભાવશાળી અભિષેક હોય છે.બપોરે ત્રણ વાગ્યે વસ્ત્રરંગ વધામણાનો પ્રસંગ ઉજવાશે. મુમુક્ષુ જીમીતકુમાર દીક્ષા બાદ જે ધવલ શ્વેત વસ્ત્રો ધારણ કરશે તે વસ્ત્રો ઉપર મંગલ સ્વરૂપે કેસરના છાંટણા કરવાનો આ અવસર છે. આ અવસરે સંયમ જીવનની માત્રા સમજાવતા ગીતો દ્વારા દીક્ષા ધર્મનો તથા મુમુક્ષુનો મહિમા ગવાશે.કાલે રાત્રે ૮ વાગ્યે નાટિકા, નૃત્ય, વકતવ્યમાં દીક્ષા જીવનને અદભૂત રીતે રજૂ કરાશે. સતત જકડી રાખનારો આ કાર્યક્રમ દીક્ષા જીવનની મહત્તા તો સમાજવાશે તેમજ દીક્ષા જીવનને ચાલતા અનેક પ્રકારના પ્રશ્નોનું સમાધાન પણ અપાશે.તા.૨૦મીના શનિવારે મુમુક્ષુ જીમિતકુમાર જગતના તમામ ભૌતિક સાધનો-સુખ સગવડો છોડી ત્યાગનો માર્ગ સ્વીકારી રહ્યા છે તેના પ્રતીકરૂપે તેમની શોભાયાત્રા રાજકોટના રાજમાર્ગો ઉપર ફરશે અને તેમાં તેઓ છૂટે હાથે ભૌતિક સામગ્રીનું દાન કરશે. આ બારીક ત્યાગધર્મનો જયજયકાર કરનારી ભવ્ય વર્ષીદાન યાત્રા સવારે ૮-૩૦ કલાકથી આરંભાઈ જશે. રાત્રે ૮ વાગ્યે સ્ટેજ કાર્યક્રમ યોજાશે.તા.૨૧મીના રવિવારે સવારે પાંચ વાગે શ્રીમતી પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય ગ્રાઉન્ડ, અજરામર ઉપાશ્રયની સામે, પ્રહલાદ રોડ, વિશાશ્રીમાળી વાડીની બાજુમાં રાજકોટ ખાતે મુમુક્ષુ જીમિતકુમારની દીક્ષા વિધિ શરૂ થશે. આ પ્રસંગે મુંબઈના શાસનભાઈ શાહ સંવેદના રજુ કરશે તથા નૈતિકભાઈ શાહ તથા રોહન જૈન ભક્તિ સંગીત પીરસશે. આ પ્રસંગે શાસન પ્રભાવક આ.ભ. શ્રી અજિતયશ સૂરીશ્વરજી મ. આ. શ્રી યશોવિજય સૂરિજી મ. તથા આ. શ્રી સંસ્કારયશ સૂરીશ્વરજી મ. આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રા રહેશે.

ખર્ચ ઓબ્ઝર્વર અવિજીત મિશ્રા દ્વારા જામનગર કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ

જામનગર : ચૂંટણી પંચ દ્વારા જામનગર ખાતે નીમવામાં આવેલ ખર્ચ ઓબ્ઝર્વર અવિજીત મિશ્રાએ કલેક્ટર કચેરી ખાતે બેઠકનું આયોજન કરી ખર્ચ મોનિટરિંગ બાબતે જરૂરી માર્ગદર્શન પૂરું પાડી સમીક્ષા કરી હતી.

બેઠકમાં પ્રેઝન્ટેશનના માધ્યમથી જામનગર લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતવિસ્તાર દીઠ હાથ ધરવામાં આવેલ ખર્ચ ઓબ્ઝર્વને લગતી કામગીરીની વિગતો રજૂ કરાઈ હતી. જેમાં લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિધાનસભામાં કાર્યરત વી.એચ.સી., વી.વી.સી., વિડીયો સર્વેલન્સ, ફ્લાઈંગ સ્કવોડ, જિલ્લામાં કાર્યરત ચેકપોસ્ટ, મીડિયા મોનીટરીંગ, પોલીસ ટીમ વગેરેની માહિતી ખર્ચ મોનીટરીંગ સમિતિ દ્વારા આપવામાં આવી હતી. આચારસંહિતાને લગતી કોઈપણ ફરિયાદનો નિકાલ લાવવા ઑબ્ઝર્વર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

લોકસભાની ચૂંટણી ભયમુક્ત વાતાવરણમાં યોજાય તે જરૂરી છે. આપણે સૌ હાલ ચૂંટણી પંચનો ભાગ છીએ ત્યારે સૌએ જાગૃત રહી ચૂંટણીને લગતી ફરજો બજાવવા ઑબ્ઝર્વર દ્વારા જણાવવામાં આવ્યું હતું. તેમજ જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ દ્વારા હાથ ધરાયેલ ચૂંટણીલક્ષી તૈયારીઓ અંગેની સમીક્ષા કરી વિવિધ ટીમના ઉપસ્થિત અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે માહિતી મેળવી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર બી.એન. ખેર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઝીલ પટેલ. સ્ઝઝના નોડલ અધિકારી શારદા કાથડ તથા એક્સપેન્ડીચર મોનિટરીંગ સેલના નોડલ ઓફિસરઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખંભાળીયા પાલિકામાં રોજમદાર કર્મીઓની જંગી સંખ્યાથી 'મહેકમ ખર્ચ' વધતા ગંભીર પ્રશ્ન

૪૮ ટકા મહેકમ ખર્ચ ૬૦એ પહોંચતા પગાર પંચ રિવર્સની સંભાવના

ખંભાળીયા : રાજયની નગરપાલિકાઓના પગાર સ્વંભંડોળ તથા પાલિકાની તત્કાલીન ઓક્ટ્રોય આવક પરથી મંજુર થયેલી ઓક્ટ્રોય ગ્રાંટમાંથી ચૂકવાય છે. પણ વેરા વસુલાતમાં નબળી અને ઓછા કરવેરાવાળી તથા આવકના સાધનો ઉભા કરવામાં આળસ રાખતી નગરપાલિકાઓમાં પગારના પ્રશ્નો ઉભા થયા છે. ત્યારે ખંભાળીયા પાલિકામાં મહેકમ ખર્ચ વધતા ગંભીર આર્થિક કટોકટી થઈ છે.

નગર પાલિકાના નિયમ મુજબ ૪૮ ટકા મહેકમ ખર્ચ હોવા જોઈએ તેનાથી ઓછો હોય તો આદર્શ સ્થિતિ કહેવાય પણ જો તેનાથી ઉપર જાય તો એક તબક્કે એવો આવે કે કર્મચારીઓની પગાર પંચ રિવર્સ થાય એટલે કે હાલ સાતમું પગાર પંચ ચાલે છે તે પ્રમાણે પગાર મળે છે પણ જો ૪૮ ટકા ઉપર જાય તો ૬ઠ્ઠુ પગાર પંચ આવી જાય એટલે કે પગાર ઓછા થઈ જાય.દરેક કર્મીને ૫/૭ હજારનું નુકશાન થાય હવે ખંભાળીયા પાલિકાની સ્થિતિ જોઈએ તો અહીં સાતમું પગાર પંચ આપેલું છે પણ મહેકમ ખર્ચ જે ૪૮ ટકા હોવુ જોઈએ તે ૬૦ ટકા જેટલું થવા પામ્યું હોય ગંભીર આર્થિકકટોકટીની સ્થિતિ આવતા પગાર વિલંબ શરૂ થયા છે.

પાલિકાઓમાં કોઈ વિભાગમાં જરૂર પડે તો કાયમી કર્મચારી ઓછા હોય તો રોજમદાર ડેઈલી વેંજીસમા ભરતી થતી હોય છે. પણ ખંભાળીયા પાલિકામાં ૨૦૧૧થી ૨૦૧૯ સુધીમાં ઢગલો રોજમદારો ભરતા હોય ૬૫ જેટલા કાયમી કર્મચારીઓ વહીવટી તથા સફાઈ કર્મીઓની સામે ૧૭૫થી વધુ રોજમદારો ખંભાળીયા પાલિકામાં છે અને ડેઈલી વેંજીસનો દર વધતા વધારો દેવો ફરજીયાત થતા ખર્ચ વધુ થયો છે તે એટલે સુધી કે કાયમી કર્મચારીઓના પગાર કરતા રોજમદારોના પગાર ખર્ચ વધી ગયો છે.આને કારણે સ્થિતિ આર્થિક ખરાબ થઈ જતા કાર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ, ઈક્રીમેન્ટ, પગાર વધારા, એરિયર્સમાં પણ પ્રશ્નો ઉભા થયા છે.

અધૂરામાં પૂરું ખંભાળીયા પાલિકામાં રોજમદાર ૩૫ જેટલાથી કચરો ઉપાડવા માટે વ્યવસ્થા હતી તે કામ ડોર ટુ ડોટ એજન્સીને સોંપાતા વર્ષે દોઢ કરોડનો તેનો ખર્ચ છે. જેની સામે જે ૩૫ કર્મચારી આ વ્યવસ્થામાં હતા તેને છુટા નથી કરાયા જેથી તેમનો બોજો વધતા ડોર ટુ ડોર કચરાનોકોન્ટ્રાક્ટથી ૩૫/૪૦ કર્મચારીના પગારનો ખર્ચ વધતા 'મહેકમ ખર્ચ' વધી ગયો છે. અગાઉ પાલિકાની સારી સ્થિતિ હતી. જેથી અન્ય પાલિકામાં જયાં હજુ જુના પગાર પંચ પ્રમાણે પગારો થાય છે. તેમની સ્થિતિ ખરાબ હતી. પણ 'મહેકમ ખર્ચ' સતત વધતા પાલિકાના કર્મચારીઓની પણ કફોડી સ્થિતિ થાય તો નવાઈ નહિ.

કલ્યાણપુર તાલુકાના મતદાન મથકોની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારી

દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને મતદારો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય રીતે સહભાગી થાય, ચૂંટણી પ્રક્રિયા અંગે જરૂરી જાણકારી મેળવે અને મહત્તમ સંખ્યામાં મતદાન કરવા પ્રેરાય તેવા ઉદ્દેશ્યથી મતદાર જાગૃતિ અંગેની વિવિધ પ્રવૃત્તિઓ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. જેઅન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર જી. ટી. પંડ્યા દ્વારા કલ્યાણપુર તાલુકામાં આવેલા મતદાન મથકો મુલાકાત લઈ જરૂરી સમીક્ષા કરી હતી.ઉપરાંત મહિલાઓ વધુમાં વધુ મતદાન કરવા પ્રેરાય તે માટે બી.એલ.ઓ તેમજ સુપરવાઈઝરોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ તકે નોડલ ઓફિસર ખર્ચ અને જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધાનાણી, જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

મોરકંડાના પૂર્વ સરપંચ સહિત સતવારા સમાજના ૨૦૦ લોકોનો

જામનગર : મોરકડા ગામના પૂર્વ સરપંચ, અને ૪૦ વર્ષ સરપંચ તરીકે સેવા બજાવનાર ભનાબાપા ચૌહાણ, પ્રવિણભાઈ કટેસિયા, પૂર્વ મહામંત્રી જામનગર, જયસુખભાઈ નકુમ (કારોબારી સતવારા સમાજ), અરજણભાઈ નકુમ (તાલુકા પંચાયત સભ્ય) કોંગ્રેસ, સહિત ૧૫ ગામના ૨૦૦ થી વધુ સતવારા સમાજના અગ્રણીઓએકેસરિયોધારણ કર્યો. આ તબક્કે સાંસદ પૂનમબેન માડમ, જિલ્લા પ્રમુખ રમેશભાઈ મુંગરા, મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, ડો વિનોદ ભેંડેરી, સુરેશભાઈ વશરા, દિલીપસિંહ ચુડાસમાએ નવા જોડાયેલ તમામને આવકાર્યા હતા.

જામનગર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની કરાઈ ઉજવણી

જામનગરમાં બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ની ૧૩૩મી જન્મ જયંતી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. લાલ બંગલા સર્કલ ખાતે આવેલા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને વિશ્વ હિન્દુ પરિષદના વિભાગ અધ્યક્ષ ભરતભાઈ ડાંગરિયા, વિભાગ મંત્રી ધર્મેશભાઈ ગોંડલીયા, જામનગર ગ્રામ્યના અધ્યક્ષ રમેશભાઈ તારપરા, જિલ્લા મંત્રી હેમતસિંહ જાડેજા, વિશેષ સંપર્ક સંયોજક કલ્પેનભાઈ રાજાણી, ઝાલા ભાઈ, બજરંગદળ સહસંયોજક ધ્રુમિલભાઈ લંબાટે, હિમાંશુભાઈ ગોસ્વામી, પ્રખંડ સંયોજક નિલેશભાઈ નકુમ, મહિલા વિભાગમાંથી જામનગર મહાનગરના ઉપાધ્યક્ષ પ્રફુલ્લાબેન અગ્રાવત, માતૃશક્તિ પ્રાંત સહસયોજિકા હીનાબેન અગ્રાવત, દુર્ગાવાહીની પ્રાંત ટોલી માંથી કૃપાબેન લાલ, માતૃશક્તિ જામનગર સહસંયોજિકા ટીકુબેન અજા, ભાવનાબેન ગઢવી, દુર્ગાવાહિની માંથી જાનવીબેન સહિતના અગ્રણીઓ દ્વારા પુષ્પાહાર અર્પણ કર્યા હતા

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર શહેરના ત્રણ શખ્સો બનાસકાંઠાના અમીરગઢ ચેકપોસ્ટ પરથી એક કરોડ ઉપરાંતના ડ્રગ્સ સાથે ઝડપાયા

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : સમગ્ર ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈ આચારસંહિતાની અમલવારી કરવા સમગ્ર તંત્ર કમર કસી રહયું છે. તમામ જગ્યાએ દારૂ તેમજ ડ્રગ્સ જેવી પ્રવૃતિઓ પર બાજનજર રાખવામાં આવી રહી છે. ત્યારે ગઈકાલે રાજસ્થાનને જોડતી સરહદ પરથી જામનગરના ત્રણ શખ્સો એક મોટરકાર મારફત ગુજરાતમાં ઘૂસ્યા હતા. જેને બનાસકાંઠા નજીકની ચેક પોસ્ટ પાસે રોકવામાં આવ્યા હતા અને કારની તલાશી લેતાં તેમાંથી એક કરોડ ઉપરાંતની કિંમતનો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. જેથી મુદામાલ કબ્જે કરી ત્રણ શખ્સોની અટકાયત કરવામાં આવી છે.ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર આવેલાં બનાસકાંઠા જિલ્લાની અમીરગઢ ચેકપોસ્ટ ઘણી બધી બાબતો માટે ચર્ચાઓમાં રહેતી હોય છે. આ ચેકપોસ્ટ પરની પોલીસે જાહેર કર્યું છે કે, એક કારમાંથી ૧.૭૨૦ કિલોગ્રામ ડ્રગ્સ ઝડપી લેવામાં આવ્યું છે. આ કાર જામનગર પાસિંગ ધરાવે છે. રાજસ્થાનથી આવી રહેલી આ કારમાં સવાર ત્રણેય શખ્સો જામનગરના છે. ડ્રગ્સના આ જથ્થાની કિંમત રૂ. ૧.૦૭ કરોડ આંકવામાં આવી છે અને આ ડ્રગ્સ મેફેડ્રોન હોવાનું જાહેર થયું છે. આ શખ્સોએ આ ડ્રગ્સ કયાંથી, કોની પાસેથી લીધું અને કયાં લઈ જવામાં આવતું હતું વગેરે વિગતો તપાસમાં ખૂલી શકે. અમીરગઢ પોલીસના જણાવ્યા અનુસાર, આ શખ્સોના નામ ઈસરાક આરિફ બલોચ (૬૫, અમન સોસાયટી, કાલાવડ નાકા બહાર, જામનગર), સોહેલ ઓસમાણ સંધિ (નદીપા, ત્રણ દરવાજા પાસે, જામનગર) અને અસલમ અબ્દુલસતાર દરજાદા (શિશુવિહારવાળી શેરી, લીમડા લાઈન, જામનગર). એવું માનવામાં આવે છે કે, આ શખ્સો અજમેર તરફથી આવી રહ્યા હતાં. આ કેટા કારનો નંબર જીજે૧૦–ડીજે–૩૪૪૮ છે. જેમાંથી આ ડ્રગ્સ મળી આવ્યું હોય પોલીસે કાર અને ડ્રગ્સ વગેરે મળી કુલ રૂ. ૧,૧૬,૪૯,૪૦૦નો મુદ્દામાલ કબજે લીધો છે. આ ત્રણેય શખ્સો વિરુદ્ધ એનડીપીસી એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, જામનગર અને ડ્રગ્સનો નાતો ઘનિષ્ઠ અને પુરાનો છે. સમગ્ર હાલાર પંથક ડ્રગ્સ અને દાણચોરી મુદ્દે દાયકાઓથી કુખ્યાત છે.

ધ્રોલ પાસેથી બે કિલો ગાંજાના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લેતી એસઓજી

જામનગર : જામનગરની એસ.ઓ.જી. શાખા દ્વારા નો ડ્રગ્સ ઈન જામનગર અભિયાન શરૂ કર્યું છે, જેના અનુસંધાને એસ.ઓ.જી. ની ટુકડીએ જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર વોચ ગોઠવી નશીલા પદાર્થ બે કિલો જેટલા ગાંજાના જથ્થા સાથે ધ્રોળ અને જામનગર તરફ આવી રહેલા બે શખ્સોને અટકાયતમાં લઈ લીધા છે, અને તેઓ પાસેથી બે કિલોથી વધુ ગાંજાનો જથ્થો કબજે કરી લીધો છે.

જામનગરની એસ.ઓ.જી. શાખાના પી.આઈ. બી. એન. ચૌધરીની ટીમ દ્વારા નો ડ્રગ્સ ઈન જામનગર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, અને નસીલા પદાર્થ ના વિક્રેતાઓ પર બાજ નજર રાખવામાં આવી રહી છે. જે અંતર્ગત ગઈકાલે મોડી રાત્રે જામનગર રાજકોટ ધોરી માર્ગ પરથી બે શખ્સોની અટકાયત કરી લેવામાં આવી છે.

એસ.ઓ.જી શાખાની ટુકડીને ચોક્કસ બાતમી મળી હતી કે ધ્રોલમાં રહેતો શાહ નવાજ ઈબ્રાહીમભાઈ શાહમદાર તેમજ જામનગરમાં રહેતો જાવીદ હાજીભાઈ ચાવડા કે જેઓ રાજકોટ તરફથી નસીલા પદાર્થ ગાંજાનો જથ્થો લઈને ધ્રોળ-જામનગર તરફ આવી રહ્યા છે, જે બાતમીના આધારે જામનગર જિલ્લાના ધ્રોલ રાજકોટ હાઈવે રોડ પર આવેલી એક ખાનગી હોટલ પાસે વોચ ગોઠવી હતી.

જે હોટલ પાસે બંને સક્ષો ઉતરવાના છે, તેવી બાતમી પરથી મોડી રાત્રે વોચગોઠવી મોડી રાત્રે બંનેને ઝડપી લેવાયા હતા, તેઓ બંનેના કબ્જામાંથી માદક પદાર્થ બે કિલો ગાંજા નો જથ્થો મળી આવ્યો હતો, જેથી એસ.ઓ.જી.ની ટુકડી એ વીસ હજાર રૂપિયાની કિંમતનો ગાંજો અને તેના મુદ્દામાલ સહિતની રૂપિયા ૩૦,૭૦૦ની માલમતા કબજે કરી છે, અને બંને સામે ધ્રોલ પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુન્હો દાખલ કરાવી બંનેની વિશેષ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

જામનગરમાં સોલાર રૂફટોફ માટેના વીજ મિટર મુદ્દે વિજ કર્મચારીઓ અને ગ્રાહકો વચ્ચે ઘર્ષણ

જુનિયર ઈજનેરે સોલાર એજન્સીના સંચાલક વિરૂદ્ધ નોંધાવી ફરજમાં રૂકાવટની ફરિયાદ

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે પ્રધાનમંત્રી જિબલી ફ્રી યોજના બહાર પાડી હતી. જે અંતર્ગત પોતાના ઘર ઉપર સોલાર રૂફટોફ લગાડનાર ગ્રાહકને ૬૦ ટકા જેટલી સબસીડી આપવામાં આવે છે અનેઆ કારણોસર ખાસ કરીને નગરસીમ સબ ડીવીઝન અને ગોકુલનગર સબ ડીવીજન, દરબારગઢ સબ ડીવીઝન વિસ્તારમાં એકી સાથે મોટી સંખ્યામાં અરજીઓ આવતાં આ અરજીઓનો વિજ વિભાગે પણ સમયસર નિકાલ ન કરી શકતા વિજ કર્મચારીઓ અને ગ્રાહકો વચ્ચે ઘર્ષણના બનાવો પણ વધ્યા છે.

આવો જ એક બનાવ ગોકુલનગર સબ ડીવીઝનમાં નોંધાયો છે. ગોકુલનગર સબ ડીવીજનના જુનિયર ઈજનેર વીરમભાઈ ખીમાભાઈ કારેણાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા. ૧૫.૪ ના રોજ તેઓ પોતાની ઓફિસે બેઠા હતા ત્યારે ઓક્ષેન એનર્જી સોલાર એજન્સીના એક ગ્રાહક તેમની સોલાર રૂફટોફ બાબતની પ્રોસેસની જાણકારી મેળવવા આવેલ અને માહિત મેળવી જતાં રહ્યા બાદ થોડીવારમાં ઓક્ષેન એનર્જીના સંચાલક બિપીનભાઈ સાવલિયા અને અન્ય એક વ્યકિત ઓફિસે આવી વિરમભાઈને તું મારી એજન્સી વિશે કેમ ખરાબ બોલશ અને તે મારી એજન્સીને ઢીલી કેમ કીધી તેમ કહી ઉગ્ર બોલાચાલી કરી ગેર વર્તન કરી તું બહાર નિકળ જે તને મારી નાખવો છે તેમ કહી ત્યાંથી જતા રહ્યા હતાં. આ અંગે વિરમભાઈએ સીટી સી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે સોલાર એજન્સીના સંચાલક સહિત બે શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભાણવડના ગ્રામ્ય વિસ્તારમાં એક જ દિવસમાં બે મગરના કરાયા રેસ્કયુ

ખંભાળિયા : ભાણવડના નવાગામ ખાતે નદીની નજીક ગામ વિસ્તારમાં અને ઝારેરા ગામે એક ખેડૂતની વાડીમાં ગત મોડી રાત્રે મગરે દેખા દેતા આ બંને સ્થળેથી ભાણવડના વન વિભાગ અને એનિમલ લવર્સ ગ્રૂપને જાણ કરાઈ હતી.

આ અંગેની જાણ થતાં વન વિભાગના ફોરેસ્ટર ખીમભાઈ ચાવડા, રામદેભાઈ કોટા અને એનિમલ લવર્સના અશોકભાઈ ભટ્ટ, હુસેનભાઈ ભટ્ટી તુરંત આ બંને જગ્યાએ દોડી ગયા હતા અને લાંબી જહેમત બાદ મગરને રેસ્કયુ કરી, નજીકના બરડા ડુંગરના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરાયા હતા.

આ સ્થળ પર હાજર લોકોને આવા કોઈ વન્યજીવ કે સરીસૃપ આસપાસ જોવા મળે તો તેને હેરાન કરવા કે મારવા નહિ પરંતુ રેસ્ક્યુ કરાવવા સંસ્થા દ્વારા અપીલ કરાઈ હતી.

જામનગરની ખાનગી હોસ્પિટલમાં સિક્યોરિટી ગાર્ડ અને સગા વચ્ચેનો મારામારીનો વિડિયો થયો વાયરલ

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરની એક ખાનગી હોસ્પિટલમાં આજે સિક્યોરિટી ગાર્ડ અને દર્દીના સગા વચ્ચે સામાન્ય બાબતની બોલાચાલીમાં છૂટા હાથની મારામારી થઈ હતી. જોકે અન્ય દર્દીના સગાઓએ મામલો થાળે પાડ્યો હતો.

જામનગરમાં સુમેર ક્લબ રોડ પર આવેલી જેસીસી ખાનગી હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડ તેમજ દર્દીના સગા વચ્ચે સામાન્ય બાબતે બોલાચારી થયા પછી તંગ વાતાવરણ બની ગયું હતું, અને મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. જ્યાં હાજર રહેલા અન્ય દર્દીના સગા એ તેમના ફોટા પણ પાડી લીધા હતા.

દરમિયાન ત્યાં હાજર રહેલા અન્ય લોકોએ સમજાવટ કરીને મામલો થાળે પાડ્યો હતો. જે ક્ષણો દરમિયાન હોસ્પિટલમાં ભારે તંગ વાતાવરણ બની ગયું હતું.

સૌરાષ્ટ્ર આજતક

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સૂર્યપ્રકોપથી બપોરે રસ્તાઓ સુમસામ

સવારથી જ ધોમધખતો તાપ : બપોરે રાજકોટનું તાપમાન ૪૦.૬ ડિગ્રી

રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર - કચ્છમાં આકરા તાપથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી એ પહોંચતા બપોરે રસ્તાઓ સુમસામ થઇ જાય છે. સતત તાપથી અસહય ઉકળાટ અનુભવાય છે. સવારે ૮-૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૩૦.૨ ડિગ્રી નોંધાયુ હતું. જયારે લઘુતમ તાપમાન ૨૪.૮ ડિગ્રી નોંધાયું હતું. તેમજ પવનની સરેરાશ ઝડપ ૮ કી.મી. નોંધાવા પામી હતી. અને હવામાં ભેજ ૪૭ ટકા રહેવા પામ્યો હતો. બપોરે ૨-૩૦ કલાકે રાજકોટનાં તાપમાનમાં ગઈકાલની સરખામરીએ ૩ ડિગ્રી તાપમાન ઘટી જતા કાળઝાળ ગરમીમાંથી થોડી રાહત મળવા પામી હતી. બપોરે ૨-૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું. જયારે બપોરે હવામાં ભેજ ૨૪ ટકા રહ્યો હતો અને પવનની ઝડપ ૮ કી.મી. પ્રતિકલાક રહેવા પામી હતી.

જૂનાગઢમાં ગંભીર હીટવેવની આગાહી કરવામાં આવી છે. જેના પગલે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી ઉપર રહેવાની સંભાવના જોવાઈ રહી છે.છેલ્લા ત્રણ દિવસથી તાપમાન સતત વધી રહ્યું છે બુધવારે જૂનાગઢનું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીને પાર થઈ ગયું હતું. અને આજે સવારથી પણ ગરમ પવન ફૂંકાતા ગરમીનું જોર વધ્યું છે.સવાર કરતાં રાત્રિનું તાપમાન ૨૯.૬ ડીગ્રી રહ્યા બાદ સવારે બુધવારની સરખામણીએ લઘુતમ તાપમાન વધીને ૨૬.૩ ડીગ્રીએ પહોંચી ગયું હતું. જોકે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૨% રહેતા વહેલી સવારે રાહત અનુભવાય હતી. સવારથી ૧.૯ કિલોમીટરની ઝડપે ગરમ પવન ફૂંકાતા વાતાવરણ વધુ ગરમ થઈ ગયું છે. મહત્તમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રી ઉપર રહેતા જનજીવનને ખૂબ જ અસર થવા પામી છે. આકરા તાપને લઈને બપોર થતા એની સાથે માર્ગો અને બજારો સુમસામ થઈ જાય છે. લોકોને અંગ દઝાડતી લુ અસહ્ય તાપને લઈને સાવચેતી રાખવા અને ખાસ કરીને બપોરના સમયે બહાર નીકળવાનું ટાળવા સલાહ આપવામાં આવેલ છે.

ઉનામાં મકાનમાં વન્ય પ્રાણી ઝરખ ઘુસી જતાં મચી અફડા તફડી

વનવિભાગે બે કલાકની જહેમતને બાદ ગન થી ટ્રેક્યુલાઈઝ કરી રેશકયું કર્યું

કૈલેશ ભટ્ટ ઉના

ઉના શહેરમાં ઉન્નત નગર સોસાયટીના મકાનમાં વન્ય પ્રાણી જરગ ઘુસી જતાં રહેણાક વિસ્તારમાં અફડા તફડી મચી ગયેલ હતી. આ વિસ્તારમાં લોકો એ ઝરખને જોઈ જતાં તાત્કાલિક વન વિભાગને જાણ કરતા જસાધાર રેન્જના આર એફ ઓ, વેટનરી ડોક્ટર સહીતની રેશક્યું ટીમ સ્થળ પર દોડી ગયેલ હતી. વન વિભાગ દ્વારા કલાકોની જહેમત બાદ ઝરખનું રેસ્ક્યું કરી પાંજરામાં કેદ કરી જસાધાર એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવેલ છે. ઉનામાં ઉન્નત નગર સોસાયટીમાં આવેલ રહેણાંક નવું મકાનની કામગીરી સરૂ હોય અને બારી દરવાજા હોવાથી આ વન્ય પ્રાણી ઝરખ અચાનક આ મકાનમાં ઘુસી ગયું હતું. અને કોઇને નજરે પડતાં તાત્કાલિક આ વિસ્તારના લોકો એકઠા થઇ ગયેલ અને વન વિભાગને જાણ કરતા તાત્કાલિક આર એફ ઓ ભરવાડ સહીત રેસક્યું ટીમ વેટનરી ડોકટર, જશાધાર રાઉન્ડ, નવાબંદર રાઉન્ડનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. અને મકાનમાં ઘુસી ગયેલ ઝરખ ખુલ્લી બારી માંથી બહાર નિકળી રેલ્વે ફાટક નજીક બાવળના ઝાડમાં ઘુસી ગયેલ હતું.

રાજકોટમાં રામ નવમીએ ખોડિયારનગરમાં મટન વેંચતા બે પકડાયા

રાજકોટ,

રાજકોટમાં શ્રી રામ નવમી નિમીતે શહેરમાં માંસ મટનના વેચાણ પર પ્રતિબંધ ફરમાવાયો હોવા છતાં ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળના ખોડીયારનગર મેઈન રોડ પર એક દૂકાન ખુલ્લી રાખી મુરઘી મટનનું વેચાણ થઇ રહ્યું હોઇ મ્યુ. કોર્પોરેશનની ટીમ અને પોલીસે દરોડો પાડી દૂકાનમાં હાજર બે શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડની તજવીજ કરી હતી. આ બારામાં મ્યુ. કોર્પોરેશનમાં સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતાં ફિરોઝભાઇ અહેમદભાઇ શેખ (ઉ.વ.૪૮-રહે. સુભાષનગર રૈયા રોડ)ની ફરિયાદ પરથી વિમલ દિલીપસિંગ પરીયાર-નેપાળી (ઉ.વ.૨૦-રહે. આલ્ફા એક કોમ્પલેક્ષમાં ચોકીદારના રૂમમાં, આસ્થા ચોકડી) તથા મહેરાજ હસમત અંસારી (ઉ.વ.૩૨-રહે. ખોડિયારનગર) વિરૂધ્ધ માલવીયાનગર પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો છે.ફિરોઝભાઇ શેખે જણાવ્યું હતું કે રામ નવમી નિમીતે શહેરના તમામ માસ મટન મુરગીના ધંધાર્થીઓને વેંચાણ બંધ રાખવા જાહેરનામાથી જાણ કરાઇ હોવા છતાં ખોડિયારનગર મેઈન રોડ પર આ બંને શખ્સ પોતાની દૂકાનમાં મુરગી મટન વેંચતા હોઇ માલવીયાનગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ. દિનેશભાઇ બગડા, કોન્સ. મયુરદાન ગઢવી સહિતને સાથે રાખી કાર્યવાહી કરી હતી. વધુ તપાસ હેડકોન્સ. ડી. પી. બગડા કરે છે.

રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડના પિતરાઈ ભાઈનું હાર્ટએટેકથી મોત

રાજકોટ,

રાજકોટના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના પિતરાઈ ભાઈ નવીનભાઈ કાનગડનું ગઈકાલે બપોરે હાર્ટએટેકથી અવસાન થતાં કાનગડ પરિવારમાં શોકની લાગણી ફેલાયેલ છે.મળતી માહિતી મુજબ શહેરના પ્રહલાદ પ્લોટ શેરી નં.૬માં રહેતા નવીનભાઈ કાનગડ (ઉ.૬૨) ગઈકાલે બપોરે ભોજન લીધા બાદ ઘરે આરામ કરતાં હતાં ત્યારે અચાનક તેમને હૃદયરોગનો તિવ્ર હુમલો આવતાં તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ હાર્ટએટેક જીવલેણ નિવડયો હતો. સ્વ.નવીનભાઈ કાનગડની અંતિમ યાત્રા આજે સવારે તેમના નિવાસસ્થાનેથી નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં આગેવાનો અને સ્થાનિક લોકો જોડાયા હતાં.

રાજકોટના કે.કે.વી. હોલ ઓવરબ્રીજ પર ટુ વ્હીલર સ્લીપ થતાં શિક્ષક દંપતી ખંડીતઃ પતિનું મોત

ખીરસરા શાળાના શિક્ષક પત્નિ અને બે બાળકો સાથે ઈલેકટ્રીક બાઈકમાં જતાં સ્લીપ થયા : બે બાળકોને ઈજા

રાજકોટ,

શહેરના દોઢસો ફૂટ રોડ પર કે.કે.વી. હોલ ઓવરબ્રીજ ઉપર ઈલેકટ્રીક મોટર સાયકલ સ્લીપ થતા શિક્ષક દંપતી તથા તેના બે બાળકોને ઈજા થતા શિક્ષક પતિનું સારવાર દરમ્યાઈન મોત નિપજયું હતું.

મળતી વિગત મુજબ દોઢસો ફૂટ રોજ સ્ટર્કલીંગ હોસ્પિટિલની પાછળ રવી રેસીડેન્સીનમાં રહેતા મયુરીબેન પુનીતભાઇ બગડા (ઉ.વ. ૪૦) એ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં મયુરીબેને જણાવ્યું છે કે પોતે લોધીકાના દેવડા પ્રાથમીક શાળામાં શિક્ષીકા તરીકે ફરજ બજાવે છે. પોતાને સંતાનમાં પુત્રી શાનવી (ઉ.વ. ૮) અને પુત્ર રિધ્યબ (ઉ.વ. ૪) નો છે. પતિ પુનીતભાઇ માધવજીભાઇ બગડા (ઉ.વ. ૪૦) લોધીકાના ખીરસરા ગામની શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. ગઇકાલે સાંજે પોતે, પતિ પુનીતભાઇ અને બંને બાળકો ચારેય ઈલેકટ્રીક મોટર સાયકલમાં બેસી લક્ષ્મીનગર ચોક પાસે સુર્યનગર શેરી નં. ૨ માં પોતાના માતાના ઘરે ગયા હતા બાદ રાત્રે ચારેય મોટર સાયકલમાં પોતાના ઘરે જતા હતા ત્યારિ કે.કે.વી. હોલ ઓવરબ્રીજ ઉપર પહોંચતા પતિએ કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લી પ થતા ચારેય ફંગોળાઇ ગયા હતા. પોતાને જમણા હાથ તથા બંને બાળકોને સામાન્ય ઈજા થઇ હતી જયારે પતિને માથાના ભાગે ગંભીર ઈજા થઇ હતી. ત્યાં પુલ ઉપર પસાર થતા કોઇ કાર ચાલકે ઉભા રહીને ચારેયને તેની કારમાં સ્ટથર્લીંગ હોસ્પિયટલે ખસેડાયા હતા ત્યાં પતિ પુનીતભાઇનું સારવાર દરમ્યા ન મોત નિપજયું હતું. બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ મથકના પી.એસ.આઇ. યુ. આર. ભટ્ટે તપાસ હાથ ધરી છે. બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે